RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 155* Date: 03.04.2020 * Friday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### લોકડાઉનના ૯મા દિવસે વડાપ્રધાને રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે કરી વિડિયો બેઠક

## આવો સાથે મળીને કોરોના સામેનો જંગ જીતીએ: મોદીની હાકલ

*ન્યુ દિલ્હી,તા.ર*

૧૩૦ કરોડની આબાદી વાળા વિશાળ ભારત દેશમાં કોરોના વાઈરસ સામને લડાઈમા એક તરફ ૨૧ દિવસના લોકડાઉનનો કાર્યકાળ ચાલી રહ્યો છે ત્યારે લોકડાઉનના નવમા દિવસે આજે ગુરૂવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિડિયો કાન્ફરન્સના માધ્યમથી વિવિધ રાજયોના મુખ્યમંત્રીઓ સાથે બેઠક યોજીને રાજયોને ખાતરી આપી હતી કે કોરોના સામેની આ લડાઈ આપણે સૌ સાથે મળીને જીતીશું. સૌનો સહયોગ જરૂરી છે એમ કહીને તેમણે રાજયોને લોકડાઉનનો કડક અમલ કરવા જણાવ્યું હતું., આ બેઠક બાદ એક સીએમ દ્વારા કરાયેલા ટ્વીટથી એવા નિર્દેશો મળ્યા કે ૧૪ એપ્રિલ પછી પણ લોકડાઉન રહી શકે છે. જો કે વિવાદ થતાં તેમમએ આ ટ્વીટ રદ કરીને ખુલાસો કર્યો હતો.

અહેવાલ પ્રમાણે, કોરોનાના વધતા કેસની વચ્ચે વડાપ્રધાન મોદીએ તમામ રાજયોના મુખ્યમંત્રીઓ સાથે બેઠક યોજી ત્યારે આ દરમિયાન કેન્દ્રીય આરોગ્ય મંત્રી ડો.હર્ષવર્ધન અને સ્વાસ્થ્ય મંત્રાલયના અધિકારીઓ પણ હાજર રહ્યાં હતા. આ પહેલા ર૦ માર્ચે પણ તેમણે વિવિધ રાજયો સાથે ચર્ચા કરી હતી.




અત્યાર સુધીમાં સંક્રમિતોની સંખ્યા ૨૦૦૦ને વટાવી ગઈ છે. આ સંજોગોમાં વડાપ્રધાને અત્યાર સુધીમાં કેન્દ્ર અને રાજયો દ્વારા ઉઠાવવામાં આવેલા પગલા પર ચર્ચા કરી હતી. વડાપ્રધાને મુખ્યમંત્રીઓ સાથે કોરોના સંક્રમણ સામે લડાવા માટેની વિવિધ રણનીતીઓ પર પણ વાત કરી હતી આ દરમિયાન કેન્દ્ર સરકારે તમામ રાજયો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને કોરોના સંબંધિત સમાચારોની પુષ્ટિ માટે પોર્ટલ બનાવવાનો આદેશ આપ્યો છે.

કેન્દ્રીય ગૃહ સેક્રેટરી અજય ભલ્લાએ બુધવારે કહ્યું કે તમામ રાજયો સુપ્રીમ કોર્ટના આદેશનો અમલ કરે. પોતાના ત્યાં સમાચારોની પુષ્ટિ માટે પોર્ટલ બનાવો. સુપ્રીમ કોર્ટે ૩૧ માર્ચે સંક્રમણને રોકવા માટે ૨૧ દિવસના લોકડાઉન પર સુનાવણી કરી હતી. કોર્ટે ૨૪ કલાકની અંદર કોરોનાવાઈરસ પર નિષ્ણાંતોની સમિતિનું ગઠન કરવા અને લોકોને સંક્રમણ વિશે માહિતી આપવા માટે પોર્ટલ બનાવવાનો નિર્દેશ આપ્યો હતો. કોર્ટે કેન્દ્રને દરેક સ્થિતિમાં મજૂરોની અવર-જવર રોકવા, તેમના ખાવા, રહેવાની જગ્યા, પોષણ, સ્વાસ્થ્યની જરૂરિયાતોને ધ્યાનમાં રાખવાનું કહ્યું હતું.

આ અગાઉ, ૨૯ માર્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના રેડિયો કાર્યક્રમ મન કી બાતમાં દેશનું સંબોધન કર્યું હતું. જેમાં તેમણે માફી માંગતા કહ્યું હતું કે આજે વિશ્વમાં કોરોના સંકટની ચર્ચા છે. એવામાં બીજી વાત કરવી તે યોગ્ય ગણાશે નહિ. કેટલાક એવા નિર્ણય લેવા પડ્યા છે, જેનાથી ગરીબો હેરાન થયા. તમામ લોકોની ક્ષમા માંગુ છું.

કોરોના વાયરસના ખતરાના કારણે દેશમાં લાગુ કરવામાં આવેલા ૨૧ દિવસના લોકડાઉનને લઈને વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા દેશના તમામ રાજયોના મુખ્યમંત્રી સાથે વીડિયો કોન્ફરન્સ પર ચર્ચા કરી હતી. આ દરમિયાન અરૂણાચલના મુખ્યમંત્રી પેમા ખાંડૂની એક જ ટ્વિટે લોકડાઉનને લઈને ચર્ચા છેડી દીધી હતી.

સીએમ પેમા ખાંડુએ ટ્વિટ કરીને દાવો કર્યો હતો છે કે, લોકડાઉનનો ૧૫ એપ્રિલે અંત આવી શકે છે. જોકે થોડી જ વારમાં તેમણે આ ટ્વિટ હટાવી દીધુ હતું અને બાદમાં સ્પષ્ટિકરણ આપ્યું હતું.

સૂત્રોના જણાવ્યાં પ્રમાણે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે આજે સવારે થયેલી વિડિયો કોન્ફરન્સ બેઠકનો એક વીડિયો શેર કરતા પેમા ખાંડૂએ લખ્યું હતું – લોકડાઉન ૧૫ એપ્રિલે પુરૂ થશે, પણ તેનો અર્થ એ નથી કે લોકો રસ્તાઓ પર ફરવા માટે આઝાદ હશે. કોરોના વાયરસની અસરને ઓછી કરવા માટે દરેક વ્યક્તિએ જવાબદારી દાખવવી પડશે. લોકડાઉન અને સોશિયલ ડિસ્ટેંસિંગ કોરોના સામે લડવાના શ્રેષ્ઠ ઉપાય છે. પેમા ખાંડૂના આ ટ્વિટ બાદ એ ચર્ચાએ દેશભરમાં જોર પકડ્યું હતું કે, ૧૫ દિવસ બાદ પણ લોકડાઉન યથાવત જ રહેશે.

આ ટ્વિટને ડિલીટ કર્યા બાદ પેમા ખાંડૂએ એક ટ્વિટ કર્યું હતું, જેમાં ખંડન કરવામાં આવ્યું હતું. નવા ટ્વિટમાં પ્રેમા ખાંડૂએ લખ્યું હતું કે – લોકડાઉનના સમયને લઈને કરવામાં આવેલુ અગાઉનું ટ્વિટ એક અધિકારીએ કર્યું હતું, જેમને હિંદી ભાષાનું જ્ઞાન મર્યાદિત છે. માટે આ ટ્વિટને હટાવી દેવામાં આવ્યું છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે દેશના તમામ રાજયોના મુખ્યમંત્રીઓ સાથે વીડિયો કોન્ફરનન્સિંગ દ્વારા ચર્ચા કરી હતી. આ દરમિયાન કોરોના વાયરસને લઈને ઉભા થયેલા સંકટ, લોકડાઉન અને વર્તમાન સ્થિતિ પર ચર્ચા કરવામાં આવી હતી.

### સૌથી વધુ સંક્રમણના કેસો મહારાષ્ટ્રમાં ૩૦૦ને પાર

## દેશમાં કોરોના પોઝીટીવ કેસોનો આંકડો ૨૦૦૦ને પાર, ૬૩ મોત

*ન્યુ દિલ્હી,તા.ર*

કોરોના વાઈરસ સંક્રમણના ગુરુવારે ૪૬ નવા કેસ સામે આવ્યા છે. આંધ્રપ્રદેશમાં ૨૧, કર્ણાટકમાં ૧૧, રાજસ્થાનમાં ૯, મહારાષ્ટ્રમાં ૩ અને મણિપુર અને અરુણાચલ પ્રદેશમાં ૧-૧ દર્દીનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. અરુણાચલમાં સંક્રમણનો આ પહેલો કેસ છે. મોડી રાતે ઈન્દોરમાં ૧૨ દર્દીનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. આ સાથે જ દેશના ૨૯ રાજયોમાં કોરોના વાઈરસના સંક્રમિતોની સંખ્યા ૨૧૦૫ થઈ ગઈ છે. ૧૬૯ લોકો સ્વસ્થ થયા છે, જ્યારે ૫૬ના મોત થયા છે. મંગળવારથી બુધવાર સુધી ૨૪ કલાકમાં રેકોર્ડ ૪૩૭ નવા કેસ સામે આવ્યા છે. સાથે જ કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે ગુરુવારે દિવસે જણાવ્યું કે, છેલ્લા ૧૨ કલાકમાં કોરોના સંક્રમણના ૧૩૧ દર્દી વધ્યાં છે. અત્યાર સુધી દેશમાં તેમની સંખ્યા ૧૯૬૫ છે. જેમાંથી ૧૭૬૪ની સારવાર ચાલી રહી છે. ૧૫૧ સ્વસ્થ થઈ ચુક્યા છે. ૫૬ લોકોનું મોત થયું છે.

દિલ્હીના નિઝામુદ્દીન મરકજમાંથી કાઢવામાં આવેલા જમાતીઓ પર સતત ગેરવણર્તૂકના આરોપ લાગી રહ્યા છે. દિલ્હીના લોકનાયક જયપ્રકાશ નારાયણ હોસ્પિટલના ડાયરેક્ટર ડો.જેસી પાસેએ જણાવ્યું કે, તબ્લિક જમાતમાં સામેલ ૧૮૮ લોકો અહીંયા દાખલ છે. જેમાંથી ૨૪નો રિપોર્ટ આવ્યો છે. ૨૩ લોકોમાં કોરોના સંક્રમણની પુષ્ટી કરાઈ છે. ઘણા જમાતી ટેસ્ટ કરાવવાની ના પાડી રહ્યા છે. તેનાથી સ્ટાફને જોખમ હતું. એવામાં જે ત્રણ બ્લોકમાં જમાતીઓને રાખવામાં આવ્યા છે, ત્યાં પોલીસ તહેનાત કરી દેવાઈ છે. આ સાથે જ એર ઈન્ડિયાએ નિવૃત્તી બાદ ફરી ભરતી કરાયેલા લગભગ ૨૦૦ પાયલટનો કરાર રદ કરી દેવાયો છે.

દેશમાં ચાલી રહેલી મહામારીનો સામનો કરવા માટે સેનાઓએ પણ પૂરતી તૈયારી કરી લીધી છે. રક્ષા મંત્રી રાજનાથ સિંહે બુધવારે આ અંગે વીડિયો કોન્ફરન્સ દ્વારા એક મિટિંગ કરી હતી. જેમાં ઝઢજી જનરલ બિપિન રાવતે કહ્યું કે, સેનાની હોસ્પિટલમાં ૯ હજાર કરતા વધારે બેડ ઉપલબ્ધ છે. તેમણે જણાવ્યું કે, જૈસલમેર, જોધપુર, ચેન્નાઈ, માનસેર, હિંડન અને મુંબઈમાં ૧ હજાર કરતા વધારે લોકોને ક્વૉરિન્ટન કરવામાં આવ્યા છે. જેમની પિરીયડ ૭ એપ્રિલે ખતમ થઈ રહ્યો છે. માર્ચ ૨૦૧૮ સુધીના આંકડાઓ પ્રમાણે, દેશભરમાં સેનાની ૧૩૩ હોસ્પિટલ છે. જેમાંથી ૧૧૨ મિલિટ્રી, ૧૨ એરફોર્સ અને ૯ નેવીની છે.

### ઈઝરાયલમાં ૨૫ ટકા લોકોએ નોકરી ગુમાવી,સંક્રમિતોની આંકડો ૯ લાખને પાર

## કોરોના: વિશ્વમાં ૪૭ હજારથી વધુના મોત

*લંડન/રોમ/મેડ્રિડ,તા.ર*

વિશ્વભરમાં કોરોના વાઈરસના દર્દીઓની સંખ્યા ૧૦ લાખના આંકે પહોંચવા આવી છે. અત્યાર સુધીમાં ૯ લાખ ૩૬ હજાર કેસ નોંધાયા છે. ૪૭ હજાર ૨૪૫ લોકોએ જીવ ગુમાવ્યો છે, જ્યારે ૧ લાખ ૯૪ હજાર ૨૮૬ લોકોને સારવાર બાદ હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. કોરોના વાઈરસથી બ્રિટનમાં ૨૪ કલાકમાં ૫૬૩ લોકોના મોત થયા છે. અહીં કુલ પોઝિટિવ કેસ ૨૯૪૭૪ થયા છે જ્યારે મૃત્યુઆંક ૨૩૫૨ થયો છે.

અમેરિકામાં કોરોનાના ૨ લાખ ૧૫ હજાર ૨૧૫ કેસ નોંધાયા છે.મૃત્યુઆંક ૫૧૧૦ એ પહોંચ્યો છે. ઈટાલીમાં ૧ લાખ ૧૦ હજાર ૫૭૪ કેસ નોંધાયા છે, જ્યારે અહીં ૧૩૧૫૫ લોકોએ જીવ ગુમાવ્યો છે. સ્પેનમાં એક લાખ ૪ હજાર ૧૧૮ કેસ નોંધાયા છે, જ્યારે અહીં ૯૩૮૭ લોકોએ જીવ ગુમાવ્યો છે.

**ઈઝરાયલમાં ૨૫ ટકા લોકોએ નોકરી ગુમાવી**

ઈઝરાયલના સ્વાસ્થ્ય મંત્રીના પત્ની કોરોના વાઈરસથી સંક્રમિત થયા છે. કોરોના વાઈરસના કારણે સરકારે લગાવેલા પ્રતિબંધોના કારણે ઈઝરાયલમાં ૨૫ ટકા લોકોએ નોકરી ગુમાવી છે. માર્ચની શરૂઆતમાં ૮ લાખ ૪૩ હજાર ૯૪૫ નવા બેરોજગાર લોકોએ નોંધણી કરાવવાની સાથે કુલ બેરોજગાર ૧૦ લાખ ૪ હજાર ૩૧૬ થઈ ગઈ છે. ઈઝરાયલ સરકારે કોરોના સામે લડવા માટે ૨૨.૫ અબજ ડોલરના પેકેજની જાહેરાત કરી છે. ઈઝરાયલમાં કોરોનાના ૬૦૯૨ કેસ નોંધાયા છે અને ૨૫ લોકોના મોત થયા છે.

**નેધરલેન્ડમાં ૨૪ કલાકમાં ૧૩૪ લોકોના મોત**

નેધરલેન્ડમાં છેલ્લા ૨૪ કલાકમા ૧૩૪ લોકોએ કોરોના મહામારીના કારણે જીવ ગુમાવ્યો છે. ૧૦૯૦ નવા કેસ નોંધાવાની સાથે કુલ કેસ ૧૩૬૧૪ થયા છે.

**કોરોનાના કારણે ઘણી ઘરેલુ ઉડાન રદ્દ થઈ શકે છેઃ ટ્રમ્પ**

કોરોનાને લઈને વ્હાઈટ હાઉસના બ્રિફિંગમાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે બુધવારે કહ્યું કે દેશમાં ઘણા ઘરેલુ પ્લેન સેવા અને ટ્રેન સેવા રદ્દ કરવામાં આવી શકે છે. હું જોઈ રહ્યો છું કે અમુક વિમાનો કોરોના પ્રભાવિત શહેરોમાં જઈ રહ્યા છે, જે મને પસંદ નથી. જોકે હું તમામ ઘરેલુ ઉડાન રદ્દ કરવાના સમર્થનમાં નથી. પરંતુ ઝડપથી કોઈને કોઈ નિર્ણય લેવામાં આવશે. જે શહેર વધારે પ્રભાવિત છે ત્યા અવર-જવરનો પ્રતિબંધ લગાવવામાં આવી શકે છે.

**વેન્ટિલેટર, માસ્ક સહિત ૬૦ ટન મેડીકલ સામાન લઈને રશિયાનું કાર્ગો પ્લેન અમેરિકા પહોંચ્યું**

કોરોના વાઈરસની મહામારી સામે લડવા માટે રશિયા અમેરિકાની મદદે આવ્યું છે. વેન્ટિલેટર, માસ્ક સહિત ૬૦ ટન મેડીકલ સામાન લઈને રશિયાનું કાર્ગો પ્લેન અમેરિકા પહોંચી ગયું છે. વ્હાઈટ હાઉસે એવી આશંકા વ્યક્ત કરી છે કે આગામી પંદર દિવસમાં બે લાખથી વધારે અમેરિકાના નાગરિકો જીવ ગુમાવશે. અમેરિકામાં કોરોના કેસ અને મૃત્યુઆંક ઝડપથી વધી રહ્યા છે.

**પનામામાં સ્ત્રી-પુરુષોને સાથે નીકળવા પર રોક**

પનામા નામનાં દેશે એક નવી પહેલ શરૂ કરી છે. આ દેશમાં લોકડાઉન જાહેર કરવામાં આવ્યું છે પણ કંઈક નવી જ રીતે કે જેમાં સ્ત્રી અને પુરુષો એકસાથે બહાર ના નીકળી શકે. હકીકતમાં પનામા દેશમાં ઓડ ઈવન સિસ્ટમ અનુસાર લોકડાઉન જાહેર કરાયું છે.

**સ્પેનમાં એક દિવસનો સૌથી વધુ મૃત્યુઆંક નોંધાયો**

આજે જાહેર કરવામાં આવેલા આરોગ્ય મંત્રાલયના આંકડા મુજબ સ્પેનમાં કોરોના વાયરસ માટે પોઝિટિવ ટેસ્ટ બાદ ઓછામાં ઓછા ૧૦,૦૦૩ લોકોનાં મોત થયાં છે. અહી છેલ્લા ૨૪ કલાકમાં ૯૫૦ નવા મોત નોંધાયા છે. સ્પેન વિશ્વના સૌથી ખરાબ કોરોના અસરગ્રસ્ત દેશોમાંનો એક છે.

## પદ્મશ્રી જ્ઞાની નિર્મલ સિંહ ખાલસાનું કોરોના વાયરસથી નિધન

*અમૃતસર,તા.ર*

દેશમાં કોરોના વાયરસે કાળો કેર વર્તાવ્યો છે જેને પગલે મૃત્યુઆંક સતત વધી રહ્યો છે. અમૃતસરના સુવર્ણ મંદિરના પૂર્વ હજૂરી રાગી અને પદ્મશ્રી જ્ઞાની નિર્મલ સિંહ ખાલસાનું ગુરુવારે સવારે ૪.૩૦ વાગ્યે હૃદય રોગના હુમલાથી નિધન થઈ ગયું છે. તેમની ઉંમર ૬૨ વર્ષ હતી અને તેમનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હોવાથી હોસ્પિટલમાં એડમિટ કરાયા હતા. પંજાબના ડિઝાસ્ટર મેનેજમેન્ટ કોવિડ ૧૯ના અગ્ર સચિવ બી એસ સિધૂએ આ માહિતી આપી હતી. નિર્મલ સિંહનો બુધવારે કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો અને તેમને વેન્ટિલેટર પર રાખવામાં આવ્યા હતા.

ભાઈ નિર્મલ સિંહ ખાલસાના સંપર્કમાં આવેલી તેમની પત્ની, બન્ને દીકરીઓ, એક પુત્ર, એક ડ્રાઈવર, બે સેવાદાર, બે સાથી રાગીઓ સહિત પરિવારના બે અન્ય સભ્યોને પણ આઈસોલેશનમાં રાખવામાં આવ્યા છે. આ ઉપરાંત તેમના એક સાથી રાગીના પરિવારના પાંચ સભ્યોને પણ ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. આ તમામના સેમ્પલ તપાસ માટે મોકલવામાં આવ્યા છે. તંત્ર દ્વારા સમગ્ર વિસ્તારને કોર્ડન કરી દેવામાં આવ્યો છે.

અમૃતસર સિવિલ સર્જન ડો. પ્રભદીપ કૌર જોહલે જણાવ્યું હતું કે નિર્મલ સિંહને બુધવારે રાત્રે વેન્ટિલેટર પર રાખવામાં આવ્યા હતા. તેમને બ્રોક્રાઈલ અસ્થમા હોવાથી તેમની સ્થિતિ લથડી હતી. પંજાબમાં કોરોના પોઝિટિવ દર્દીઓનો મૃત્યુઆંક છ થયો છે. ૩૦ માર્ચના ભાઈ નિર્મલ સિંહને શ્રી ગુરુ રામ દાસ હોસ્પિટલમાંથી ગુરુ નાનક દેવ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જો કે તેમને કોરોના સંક્રમણ કેવી રીતે થયું તે જાણવા મળ્યું નથી. ગત મહિને તેમના ઘરે અમેરિકાથી મહેમાન આવ્યા હતા આ ઉપરાંત તેઓ યુકે પણ ગયા હોવાનું જણાયું હતું.

## તબલિગી જમાતના મૌલાના સાદના બદલાયા સૂર, ડોકટરોનુ માનવા અપીલ કરી

*ન્યુ દિલ્હી,તા.ર*

નિઝામુદ્દીનના તબલિગી જમાતના સેન્ટરમાં અનુયાયીઓને મસ્જિદથી સારુ મોત ક્યાંય નથી...નો પાઠ ભણાવનાર મૌલાના સાદ હવે પોતે જ કોરોનાના કારણે આઈસોલેશનમાં છે.

મૌલાના સાદ સામે પોલીસે મરકઝમાં લોકોને ભેગા કરવાની બેદરકારી દાખવવા બદલ કેસ કર્યો છે ત્યારે મૌલાનાએ આજે ઓડિયો ક્લિપ થકી સંદેશો આપ્યો હતો કે, ડોકટરે આપેલી સલાહ બાદ હું આઈસોલેશનમાં છું.

તેઓ ઓડિયોમાં હવે લોકોને સમજાવી રહ્યા છે કે, ડોક્ટર પાસે જવુ એ શરિયતની વિરુધ્ધ નથી. આ પહેલા તેમણે અગાઉ વાયરલ થયેલા ઓડિયોમાં કહ્યુ હતુ કે, એ જ ડોક્ટરની સલાહ માનજો જે અલ્લાહમાં વિશ્વાસ કરતો હોય.

મૌલાના સાદે સંદેશો આપીને કહ્યુ હતુ કે, જમાતે સરકારની મદદ કરવી જોઈએ. ડોક્ટરની સલાહ લેવી જોઈએ અને ક્યાંય ટોળુ ના થાય તેનુ ધ્યાન રાખવુ જોઈએ.

જમાતના લોકોની સારવાર કરી રહેલા ડોકટરો અને નર્સો હેરાન પરેશાન છે. કારણકે ઘણા લોકો ઈલાજ માટે સહાકર આપી રહ્યા નથી. મૌલાનાની અપીલ બાદ હવે આ લોકો ઈલાજમાં સહકાર આપે છે કે નહી તે જોવાનુ રહે છે.

### નિઝામુદ્દીન મામલો

## મરકઝમાં સામેલ થયેલા ૨૭૫ વિદેશીઓની ઓળખ થઈ

*ન્યુ દિલ્હી,તા.ર*

નિઝામુદ્દીન વિસ્તારમાં ધાર્મિક આયોજન મરકઝમાં સામેલ થયેલા ૨૭૫ તબલીગી જમાતના લોકોની ઓળખ કરી લેવામાં આવી છે. આ તમામ લોકો વિદેશી છે અને હવે તેમને ક્વૉરન્ટાઇન કરી દેવામાં આવ્યા છે. દિલ્હી પોલીસથી મળતી જાણકારી મુજબ, ક્રાઇમ બ્રાન્ચ અને દિલ્હી સરકારે એક જોઇન્ટ ઓપરેશન ચલાવ્યા બાદ ૧૭૨ ઈન્ડોનેશિયન, ૩૬ કિર્ગિસ્તાન અને ૨૧ બાંગ્લાદેશી નાગરિકોની ઓળખ કરી તેમને ક્વૉરન્ટાઇન કરવામાં આવ્યા છે. આ તમામ લોકો કોરોના વાયરસ સંક્રમણના સંદિગ્ધ છે. ઉલ્લેખનીય છે કે, આ પહેલા બુધવારે સ્પેશલ સેલે ૨૦૦ વિદેશીઓના સંબંધમાં દિલ્હી સરકારને રિપોર્ટ પણ આપ્યો હતો જેઓ મરકઝમાં સામેલ થયા હતા. હવે ક્રાઇમ બ્રાન્ચે મોટી કાર્યવાહી કરતાં ૨૭૫ લોકોની ઓળખ કરી તેમને આઇસોલેટ કર્યા છે.

દિલ્હીના ઉપમુખ્યમંત્રી મનીષ સિસોદિયાએ બુધવારે નિઝામુદ્દીન મામલામાં જણાવ્યું હતું કે પોલીસે એક અભિયાન હાથ ધરીને મરકજમાં સામેલ થયેલા ૨૩૬૧ લોકોને બહાર કાઢ્યા છે. સાથોસાથ તેઓએ જણાવ્યું હતું કે આ દરમિયાન ૬૧૭ લોકોમાં કોરોનાના લક્ષણ જોવા મળ્યા જેમને હૉસ્પિટલ મોકલવામાં આવ્યા છે. બીજી તરફ, અન્ય લોકોને પણ ક્વૉરન્ટાઇન કરી દેવામાં આવ્યા છે. આ દરમિયાન સિસોદિયાએ તે તમામ લોકોનો આભાર વ્યક્ત કર્યો જે ઓપરેશનનો હિસ્સો બન્યા. તેઓએ કહ્યું કે ૩૬ કલાક ચાલેલા આ ઓપરેશનમાં જેઓએ પણ સહયોગ આપ્યો અને પોતાનો જીવ જોખમમાં નાખ્યો તેમના આભારી છીએ.

## તંત્રી સ્થાનેથી...

# કોરોનાએ જ્ઞાતિ-જાતિ,કોમ ભુલાવી માનવતા યાદ કરાવી દરેકને એક કર્યા....!

ચીનમાંથી ઉદભવેલા કોરોના વાયરસ સમગ્ર વિશ્વના દેશોમાં ખાનાખરાબી સર્જી દીધી છે પાંચ-સાત દેશો છોડીને બાકીના ૧૮૩ દેશોમાં કોરોના વાયરસે તાડવ નૃત્ય શરૂ કરી દીધું છે.વિશ્વભરમા ૪૭ હજાર લોકોના મોત થવા તરફ આકડો આગળ વધી રહ્યો છે. ત્યારે કોરોના ચપેટમાં આવનારાઓનો આંકડો ૧૦ લાખ તરફ આગળ વધી રહ્યો છે .જોકે કોરોનાની સારવાર લઈ બચી જનારાઓનો આંકડો ૨ લાખ પર પહોંચવા પર છે. તો ટ્રમ્પની લાપરવાહીને કારણે અઢી લાખ ઉપરાંત અમેરિકનો કોરોનાની ચપેટમાં આવી ગયા છે. અમેરિકાના એક જહાજમાં ૭૦ જેટલા સૈનિકોમા કોરોના વાયરસ મળી આવતા જહાજમા રહેલા ૫ હજાર સૈનિકો ઉપર જોખમ તોળાઈ રહ્યું છે. ત્યારે બિઝનેસ માઈન્ડ ધરાવતા ડોનાલ્ડ ટ્રમ્પ આજે પણ ઈર્ષ્છાર્હ્યુંહ જાહેર કરવા તૈયાર નથી. ૮૦ ટકા ઉપરાંત અમેરિકનો ઈર્ષ્છાર્હ્યુંહ માંગી રહ્યા છે પરંતુ ટ્રમ્પ તેમના પોતાના નાગરિકોની વાત સ્વીકારવા તૈયાર નથી.આ કારણે અમેરિકાની હાલત વધુ કફોડી બની જશે તેવું ત્યાંના લોકો અફસોસ સાથે કરી રહ્યા છે...ચીનથી તેમજ વિદેશમાંથી ભારત પરત આવેલા ભારતીયો દ્વારા કોરોના દેશમા પહોંચી ગયો જેમાં તબલિગી સમાજના વડાને કારણે દેશના અનેક રાજ્યોમાં કોરોના પહોંચી ગયો છે. દિલ્હીના તબલિગી આતરરાષ્ટ્રીય સેન્ટર ખાતે ધાર્મિક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો જેમાં પોલીસની અનદેખી સ્પષ્ટ દેખાઈ આવે છે....! જ્યારે આકરા પગલાં લેવાની જરૂર હતી ત્યારે ન લીધા પરંતુ વિવિધ રાજ્યોમાં તબલિગી ધાર્મિક કાર્યક્રમમાં હાજરી આપી પરત ફરેલાઓમાં મોટો ભાગના કોરોના ગ્રસ્ત બની ગયાનું બહાર આવતા ભારત સરકાર અને રાજ્ય સરકારો ફફડી ઊઠી અને પોતપોતાના તંત્રને તાકીદે તબલિગી કાર્યક્રમમાં ભાગ લેનારાને શોધવાના કામમાં લગાવી દીધા. જેમાં વિવિધ રાજ્યમાં પકડાયેલા તબલિગોમાં મોટા ભાગનાને કોરોના વાયરસ પોઝિટીવ હોવાનું બહાર આવતા સરકારો અને દેશની પ્રજાના મનમાં ડર ફરી વળ્યો છે.... તો મોદીજી દેશના દરેક રાજ્યના મુખ્યમંત્રીઓ સાથે વીડિયો કોન્ફરન્સ યોજીને વિગતો મેળવવાના તથા રાજ્યો દ્વારા લેવામાં આવેલ પગલાઓ, લોક સહાય સહિતની બાબતોની રજે રજની માહિતી મેળવવામાં ઓત પ્રોત બની ગયા છે. જે બતાવે છે કે કોરાનાની ભયાનકતા શું છે....? દેશમાં એક સમયે કોમ કોમ,નાત- જાત, વચ્ચે તડા પડાવવાનો રાજકીય દાવ ખેલતા રહ્યા હતા ત્યારે કોરોનાએ પોતાનું અસલી રૂપ બતાવીને દરેક લોકોમાં એકતા નો ભાવ પેદા કરી દેવા સાથે દરેકને એક તાંતણે જોડી દીધા છે. કોરોનાએ કોમ, ગ્યાતી- જાતિ જોયા વગર અનેકને મોતના મુખમાં ધકેલી દીધા છે. ત્યારે દેશભરમાં લોકોએ જ્ઞાતિ-જાતિના ભેદ ભાવ ભૂલી ભૂખ્યા જનોને જમાડવા, ખાવા-પીવાનું પૂરું પાડવા પોતાનાથી બનતી તમામ મદદ કરી રહ્યા છે. લોકો જેની સામે અવારનવાર બાખડી પડતાં હતા તેવિ પોલીસો,ડૉકટર્સો- નર્સો, મેડિકલ કર્મચારીઓને સરકારી અધિકારીઓ આમ પ્રજાના બચાવમાં રાત-દિવસ જોયા વગર મેદાનમાં ઉતરી પડ્યા છે. સમગ્ર વિશ્વ અને દેશભરમાં પત્રકારો- મીડિયા જગત કોરોના વાયરસ અહી તહી પોતાના જીવના જોખમે રખડી રહ્યા છે અને દરેક લોકોને વિવિધ માધ્યમો દ્વારા સમાચારો પહોંચાડી રહ્યા છે. જોકે સરકાર આ મિડીયા- પત્રકારો માટે પેકેજ આપવા તૈયાર નથી.... તો સામે દેશના વિવિધ રાજ્યોમાં અનેક પત્રકારો સંગઠિત થઈને આમ ગરીબ લોકોને ખાવા-પીવાની કીટ, માસ્ક, દવાઓ, સેનેટાઈઝર વગેરેનુ ગામડાઓમાં વિતરણ કરી રહ્યા છે. કારણ નાના-મોટા શહેરોમાં નાના મોટા સંગઠનો, સંસ્થાઓ, ધર્મ સંસ્થાઓ લોકોને જમાડે છે કે અનાજ સહિતની સહાય આપે છે. ત્યારે ગામડાના લોકોનુ કોણ..? દાતાઓ ગામડાં તરફ કે લોઅર મધ્યમવર્ગનું જેઓ ભીખ પણ ના માગી શકે કે ના કોઈ પાસે હાથ લાંબો કરી શકે તેવા લોકોને તૈમના ઘર સુધી સહાર પહોંચાડવાની જરૂર છે.....પણ....કોણ વિચારશે...? દેશભરમાં સાંસદો, ધારાસભ્યો, નગરસેવકો સહિતના પ્રજાના કરમાંથી પગાર-ભથ્થા સહિતની અન્ય સુવિધાઓ મેળવે છે અને પ્રજા હિતની વાતો કરી પ્રજાના મત મેળવી લીધા બાદ પ્રજાને જ ભૂલી જાય છે જે અત્યારના કપરા સમયમાં સ્પષ્ટ રીતે જોવા મળે છે....! પ્રજા વચ્ચે તેઓ આવતા નથી તો ખિસ્સામાંથી એક પાઈની પણ મદદ કરતા નથી... જે કિઈ દાન આપે છે તે પોતાને મળતા બજેટમાંથી આપે છે. ત્યારે ઈર્ષ્છાર્હ્યુંહ માંથી બહાર આવીને પોતાના ખિસ્સાના પૈસાથી લોકોને સહાય કરે તે જરૂરી છે.... કેટલાક તો અનાજ કીટ આપતા ફોટા પડાવીને સોશિયલ મીડિયા પર મૂકીને ગરીબો- મજૂરોની મજાક ઉડાવતા હોય તેવું લાગે છે.....! એજ કારણે લોઅર મધ્યમવર્ગ સહાય લેવાથી દૂર રહે છે. અને ભુખમાં દિવસો પસાર કરે છે. તો હવે સરકાર કે ધર્મ સંસ્થાઓ જાગે અને લોઅર મધ્યમવર્ગની ખાનગી રાહે સહાય પહોંચાડે તે જરૂરી છે. બીજી તરફ ગુજરાતમાં જે પ્રકારે તેમાંય તબલિગીઓને કારણે કોરોના કેસો વધવાનો ડર પેસી ગયો છે તેમાં તબીબી જગતે આમ પ્રજામાં એક નવો વિશ્વાસ અને શ્રદ્ધા ઊભી કરી દીધી છે. જેથી કહેવું પડે કે કોરોનાથી ડરો નહી તેની સામે લડો.... પરંતુ એકાંતમાં રહીને... ગરમ પાણી પીવાનું રાખીને.....યુએઈથી પરત આવેલા રાજકોટના દર્દીનો કોરોના પોઝૂટીવ રિપોર્ટ આવ્યો હતો અને હોસ્પિટલાઈઝ કર્યા બાદ ડોક્ટરોની ટીમે સારવાર કરી અને તેમના ૧૪ દિવસ પછી બે રિપોર્ટ કઢાવ્યા,બંન્ને રિપોર્ટનો અહેવાલ નેગેટીવ આવતા આ દર્દીને હોસ્પિટલમાંથી રજા આપી સાત દિવસ માટે ઘરમાં રહેવાની સૂચના આપવામાં આવી છે આ સમાચારે દેશભરમાં આશાનું કિરણ પેદા થયું છે. તો તબીબોમાં ખુશી ફરી વળી છે. છતાંય આગામી પાંચ દિવસ ખૂબ અગત્યના છે...ઘર બહાર ન નીકળતા... સંપર્ક સમયે અંતર જાળવજો... વંદે માતરમ

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૪૧,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા. ૦૩/૦૪/૨૦૨૦, શુક્રવાર, ચૈત્ર સુદ-૧૦
સૂર્યોદય-૬-૩૯, સૂર્યાસ્ત-૭-૦૧, જૈન નવકારશી-૭-૫૪,
આજની રાશિ : કર્ક (ડ.હ.), નક્ષત્રઃ પૃષ્ય

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | - શુભ ચોઘડીયા -<br>૬-૩૯થી ચલ-લાભ-અમૃત-૧૧-૧૭ સુધી, ૧૨-૫૦ થી શુભ-૧૪-૨૩ સુધી, ૧૭-૨૯થી ચલ-૧૯-૦૨ સુધી, ૨૧-૫૬ થી લાભ-૨૩-૨૩ સુધી<br><br>- શુભ હોરા-<br>૬-૩૯થી ૯-૪૪ સુધી, ૧૦-૪૬ થી ૧૧-૪૮ સુધી, ૧૩-૫૨ થી ૧૬-૫૮ સુધી, ૧૭-૫૯થી ૧૯-૦૨ સુધી |

### કુલ રાજ્યમાં પોઝિટિવ કેસો ૮૭,મૃત્યુઆંક સાત,૭ દર્દી સ્વસ્થ થયા

# ૨૪ કલાકમાં રાજ્યમાં એક પણ પોઝિટિવ કેસ નહિ: ૪-૫ દિવસ અતિ મહત્ત્વના

ગાંધીનગર,તા.૨

ગુજરાત કોરોના પોઝિટિવના કુલ ૮૭ કેસ સામે આવ્યા છે. જેમાંથી ૭ દર્દી સાજા થયા છે. જ્યારે ૭ દર્દીઓના મૃત્યુ થયા છે. વડોદરાના પ્રથમ કોરોના પોઝિટિવ દર્દીનું આજે સવારે મોત નીપજ્યું છે. રાજ્યમાં અમદાવાદ હોટસ્પોટ જાહેર કરાયું છે. ત્યારે આજે આરોગ્ય અગ્ર સચિવ જયંતિ રવિએ આજે એક પ્રેસ કોન્ફરન્સ કરીને રાજયની સ્થિતિ વિશે માહિતી આપી હતી.

સચિવ જયંતિ રવિએ ગુજરાતમાં કોરોના વિશે વાત કરતા જણાવ્યું હતું કે, ગઈકાલની સાંજની પ્રેસ કોન્ફરન્સમાં ગુજરાતમાં ૮૭ કેસો સામે આવ્યા બાદ આજે એક પણ કેસ સામે આવ્યો નથી. એક રીતે જોવા જઈએ તો ગુજરાત માટે રાહતના સમાચાર છે. ગઈકાલ પછી એકપણ નવો પોઝિટિવ કેસ નોંધાયો નથી.

જોકે આગામી ૪થી પાંચ દિવસ ગુજરાત માટે મહત્વના છે. ગુજરાતમાં ૭૧ દર્દી સ્ટેબલ છે. ૨ લોકો વેન્ટીલેટર ઉપર છે. આવનારા ચારપાંચ દિવસ ખુબ અઘરા છે અને કસોટીના છે. જે લોકો મુસાફરી કરી ને આવ્યા હોય અથવા તાવ જેવા લક્ષણો દેખાતા હોય. જે પોઝિટિવ વ્યક્તિ છે તેમના સંપર્કમાં આવ્યા હોય. તેવા લોકો મેડિકલ ચેકઅપ કરાવી લે. ૧૦૪ અથવા તો ૧૦૮ કરીને તુંરત જ સારવાર લે અને રિપોર્ટ કરાવી લે.

તેમણે ઉમેર્યું હતું કે, ગુજરાતમાં અત્યારસુધીમાં ૧૭૮૯ ટેસ્ટ કરવામાં આવ્યા છે. જેમાંથી ૧૬૯૩ નેગેટિવ આવ્યા છે. જ્યારે ૮૭ ટેસ્ટ પોઝિટિવ આવ્યા છે અને ૯ ટેસ્ટ પેન્ડિંગ છે. ૮૭ પોઝિટિવ કેસમાં ૨ દર્દી વેન્ટિલેટર પર છે, ૭૧ દર્દી સ્ટેબલ છે. ૭ દર્દી સાજા થયા છે અને ૭ દર્દીના મૃત્યુ થયા છે.

રાજયમાં અમદાવાદ હોટસ્પોટ જાહેર થયું છે. અમદાવાદમાં સૌથી વધારે ૩૧ કેસ અને ૦૩ મૃત્યુ નોંધાયા છે. ત્યારબાદ સુરતમાં ૧૨ કેસ અને ૧ મૃત્યુ, ગાંધીનગરમાં ૧૧ કેસ, રાજકોટમાં ૧૦ કેસ, વડોદરામાં ૦૯ કેસ અને ૧ મૃત્યુ, ભાવનગરમાં ૬ કેસ અને ૨ મૃત્યુ, પોરબંદરમાં ૩ કેસ, ગીર સોમનાથમાં ૨ કેસ જ્યારે કચ્છ, મહેસાણા અને પંચમહાલમાં ૧-૧ કેસ નોંધાયા છે.

અમદાવાદમાં સૌથી વધારે ૩૧ કેસ અને ૦૩ મૃત્યુ નોંધાયા છે. ત્યારબાદ સુરતમાં ૧૨ કેસ અને ૧ મૃત્યુ, ગાંધીનગરમાં ૧૧ કેસ, રાજકોટમાં ૧૦ કેસ, વડોદરામાં ૦૯ કેસ અને ૧ મૃત્યુ, ભાવનગરમાં ૬ કેસ અને ૨ મૃત્યુ, પોરબંદરમાં ૩ કેસ, ગીર સોમનાથમાં ૨ કેસ જ્યારે કચ્છ, મહેસાણા અને પંચમહાલમાં ૧-૧ કેસ નોંધાયા છે.



Eminent builder and philanthropist Shri Arvindbhai Domadiya (Chairman, Kunal Structure India Pvt. Ltd.) has donated Eleven Lac Rupees to the Government of Gujarat (Chief Minister's Relief Fund ).

He has also sponsored several educational events including some of our students' events and our International Seminar on William Shakespeare. May God give him a lot of wealth to continue his mission to serve the mankind.

# કોરોના સામે જગતજમાદાર અમેરિકા ઘૂંટણિયે: એક જ દિવસમાં ૮૮૪ લોકોના મોત

વોશિંગ્ટન,તા.૨

કોરોના વાયરસનો સૌથી મોટો ગઢ બની ચૂકેલા અમેરિકામાં એક જ દિવસમાં ૮૮૪ લોકોના મોત થયા છે. જેના કારણે દેશમાં મૃત્યુઆંક વધીને ૪૪૭૫ પર પહોંચી ગયો છે. અમેરિકામાં ૨,૧૩,૩૭૨ લોકો કોરોના વાયરસથી સંક્રમિત છે. જે દુનિયામાં સૌથી વધુ છે. સમગ્ર દુનિયાની વાત કરીએ તો કોરોના વાયરસથી સંક્રમિત થયેલા લોકોનો આંકડો ૯,૩૦,૦૦૦ પર પહોંચી ગયો છે. જ્યારે ૪૭૦૦૦થી વધુ લોકોના મોત થયા છે.

જહોન હોપકિન્સ યુનિવર્સિટીના જણાવ્યાં મુજબ છેલ્લા ૨૪ કલાકમાં અમેરિકામાં ૮૮૪ લોકોનું કોરોના વાયરસથી મોત થયા છે. અમેરિકામાં એક દિવસમાં જીવ ગુમાવનારાઓનો અત્યાર સુધીમાં આ સૌથી મોટો આંકડો છે. આ બધા વચ્ચે અમેરિકામાં કોરોના વાયરસનો ગઢ બની ગયેલા ન્યૂયોર્ક શહેરમાં મૃતકોનો આંકડો ૧૩૦૦ પાર થઈ ગયો છે. આ મહાસંકટમાં અમેરિકામાં હોસ્પિટલોમાં માસ્ક અને અન્ય ચિકિત્સકિય સામાનોમાં ભારે અછત જોવા મળી રહી છે.

આ બધા વચ્ચે અમેરિકાએ નિર્ણય લીધો છે કે તે પોતાના વિમાનવાહક જહાજ થિડોડોર રૂઝવેલ્ટથી ૩૦૦૦ નૌસૈનિકોને બહાર કાઢશે. આ નૌસૈનિકોને ગુઆમની હોટલોમાં ક્વોરન્ટાઈન કરવામાં આવશે. જહાજ પર કોરોના સંક્રમિત નૌસૈનિકોની સંખ્યા વધીને ૧૦૦ થઈ ગઈ છે. કોરોના વાયરસથી અમેરિકાના લોસ એન્જલસ શહેરમાં પીપીઈ કિટની ભારે અછત થઈ છે. અહીં કોરોના વાયરસથી સંક્રમિત દર્દીઓ ૧૦૦૦૦ જેટલા છે.

અમેરિકામાં માત્ર ૬ અઠવાડિયાના નવજાત બાળકના મોતથી ચિંતાનું મોજુ ફરી વળ્યું છે. કોરોના વાયરસના સંક્રમણથી ચેપગ્રસ્ત બન્યા બાદ આ બાળકનું મોત થયું છે. અમેરિકી રાજ્ય કનેક્ટિકટના ગવર્નરે કહ્યું હતું કે, કોરોના વાયરસથી થયેલા મોતોમાં આ સૌથી ઓછી ઉંમરનું મોત છે. ગવર્નર નેડ લામોન્ટે ટ્વીટ કરીને જણાવ્યું હતું કે, નવજાતને ગત અઠવાડિયે એક હોસ્પિટલમાં દાખલ કરાવ્યો હતો પરંતુ તેને બચાવી શકાયો નહીં.

## મુંબઈમાં ત્રણ દિવસનો બાળક બન્યો કોરોનાનો દેશનો સૌથી નાની ઉંમરનો દર્દી

મુંબઈ,તા.૨

મહારાષ્ટ્રમાં કોરોના વાયરસના ૩૩ નવા કેસમાં ૩ દિવસનું એક બાળક પણ સામેલ છે. તેની ૨૬ વર્ષની માતા અને એક નર્સને પણ કોરોનાની બીમારી થઈ ગઈ છે. તેની સાથે જ રાજયમાં બીમારીથી ચેપગ્રસ્ત લોકોની સંખ્યા ૩૩૫ થઈ ગઈ છે. અહીં ૫ નવા મોતની સાથે મૃતકોની કુલ સંખ્યા ૧૬ થઈ ગઈ છે.

બાળકના પિતા વી.સિંહે કહ્યું કે ૨૬મી માર્ચના રોજ બાળકનો જન્મ ચેમ્બુરની એક હોસ્પિટલમાં થયો હતો. ત્યાં એક દર્દી બાદમાં કોરોના પોઝિટીવ જોવા મળ્યો હતો.

સિંહે કહ્યું કે અમને તાત્કાલિક હોસ્પિટલ છોડવાનું કહ્યું, જેને ક્વારેન્ટાઇન કરાઇ રહ્યા હતા અને ડૉકટર્સે અમારી દેખભાળની ના પાડી દીધી. મારી પત્ની અને મારા બાળકનો રિપોર્ટ લગભગ અડધી રાત્રે જ પોઝિટીવ આવ્યો. ત્યારથી અમે કસ્તૂરબા હોસ્પિટલમાં છીએ.

## બડોલી ગામના માજી સૈનિક દ્વારા સેવા આપવા બડોલી ઓ.પી ને સમર્થન પત્ર અપાયુ

આજે ભારત દેશ કોવિદ-૧૯ મહામારી કોરોના વાયરસથી સપડાયેલ છે .આપણા ભારતના માનનીય પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા સંપૂર્ણ ભારત દેશમાં ૨૧ દિવસનું લોકડાઉન ઘોષિત કરેલ છે .અને આ લોક ડાઉનનું કાયદાકીય અને ચુસ્તપણે પાલન થાય તે માટે પ્રશાસન ખડે પગે રાત દિવસ અવિરત પોતાની જવાબદારી નિભાવી રહ્યું છે.

ત્યારે ઈડર તાલુકાના બડોલી ગામના નિવૃત માજી સૈનિક ભૂપેન્દ્રભાઈ અને જીતેન્દ્રભાઈ દ્વારા બડોલી ઓ.પી. ઈન્ચાર્જ ને લેખિતમાં સમર્થન આપી જણાવવામાં આવ્યું હતું કે બડોલી આઉટ પોસ્ટ અધિકાર ક્ષેત્ર માં જેટલો વિસ્તાર આવે છે .તે આખા વિસ્તારમાં ક્યાંય પણ અને ક્યારેય પણ અમારી સેવાની જરૂર પડે તો અમે બન્ને માજી સૈનિક વિના વેતને સ્વૈચ્છિક પ્રશાસન સાથે ખભે થી ખભો મિલાવી રાત દિવસ કાર્ય રત રહેવા તૈયાર છીએ.તેમજ માજી સૈનિક સેવા ફાઉન્ડેશન માજી સૈનિક સંગઠન ઈડર તાલુકાના આજુબાજુ ના ગામના અન્ય નિવૃત્ત જવાનો પણ આ કાર્ય કરવા જોડાવવા ની ઈચ્છા વ્યક્ત કરતા તેઓની ભાવના ની કદર કરી ઈડર પી.આઈ.પી.એલ.વાઘેલા દ્વારા ઈડર શહેર ખાતે સેવા બજાવવા મંજૂરી આપી હતી .દેશ માટેની માજી સૈનિકોની આ ભાવનાને સલામ છે.

# કોરોના સમસ્યા: બ્રિટિશ એરવેઝ કદાચ ૩૬ હજાર કર્મચારીઓને સસ્પેન્ડ કરશે

લંડન,તા.૨

કોરોના વાઈરસ રોગચાળાના સંકટને કારણે બ્રિટનની જગવિખ્યાત એરલાઈન બ્રિટિશ એરવેઝે તેની સેવા હાલપૂરતી બંધ રાખી છે. કર્મચારીઓનું શું કરવું એ વિશે બ્રિટિશ એરવેઝ અને યુનાઈટ યુનિયન વચ્ચે ગયા અઠવાડિયાથી વાટાઘાટ શરૂ કરવામાં આવી છે.

બીબીસી ન્યૂઝના અહેવાલ મુજબ,"છ્યની માલિકીની બ્રિટિશ એરવેઝ તેના ૩૬ હજાર કર્મચારીઓને કદાચ નોકરીમાંથી સસ્પેન્ડ કરશે. એરલાઈન તેના કેબિન ક્રૂ, ગ્રાઉન્ડ સ્ટાફ, એન્જિનીયરો તથા મુખ્યાલયમાં કામ કરતા લોકો, એમ તમામ કર્મચારીગણમાંથી ૮૦ ટકા લોકોને સસ્પેન્ડ કરવા વિચારે છે, એવો બીબીસીનો અહેવાલ છે.

બ્રિટિશ એરવેઝે મંગળવારે જ જણાવ્યું હતું કે કોરોના વાઈરસના ફેલાવાને પગલે તેણે દક્ષિણ ઈંગ્લેન્ડના ગેટવિક એરપોર્ટથી તેની વિમાન સેવા કામચલાઉ રીતે સ્થગિત કરી દીધી છે. બ્રિટનમાં સૌથી વ્યસ્ત એરપોર્ટ્સમાં આ બીજા નંબરે આવે છે.

## દૈનિક રાશીફળ

તા.૦૩-૦૪-૨૦૨૦ શુક્રવાર

**મેષ(અ.લ.ઈ.) :-** સટ્ટાકીય કાળજી રાખવી. આવકનું પ્રમાણ જળવાઈ રહે. વાહન-મકાન સુખ ઉત્તમ. આરોગ્ય સાચવવું.

**વૃષભ(બ.વ.ઉ.) :-** બુદ્ધિ-વિવેકથી કાર્ય સિદ્ધ થાય. કુટુંબ સુખ આવક વધે. ધંધામાં આવક વધે. અભ્યાસમાં પ્રગતિ.

**મિથુન(ક.છ.ઘ.) :-** શેરબજારથી લાભ થાય. ર્આથિક સ્થિતિ મજબૂત બનતી જણાય. આરોગ્ય સુખાકારી રહે.

**કર્ક(ડ.હ.) :-** વેપાર અર્થે થયેલો પ્રવાસ લાભદાયી બની રહે. માનસિક ટેન્શન ઓછું રહે. સમય શુભ. જમીન-મકાન ખરીદી શક્ય બને.

**સિંહ(મ.ટ.) :-** નાણાંકીય સ્થઈતિ મજબૂત બનતી જમાય. રોજગારીની નવી તકો મળે. આવકનું પ્રમાણ રહે.

**કન્યા(પ.ઠ.ણ.) :-** ઇષ્ટદેવની ઉપાસનાથી રાહત. ર્ધામિક યાત્રાપ્રવાસનો યોગ. કૌટુંબિક વાતાવરણ સુમેળ રહે.

**તુલા(ર.ત.) :-** પરદેશથી સુભ સમાચાર મળે. એકંદરે સમય સુભ રહે. અભ્યાસમાં પ્રગતિ. વિદેશથી શુભ સમાચાર પ્રાપ્ત થાય.

**વૃશ્ચિક(ન.ય.) :-** શેર સટ્ટાકીય બાબતોથી સંભાળવું. માનસિક ચિંતા હળવી બને. અકંદરે સમય શુભ. રોજગારીની તકો મળે.

**ધન(ભ.ધ.ફ.ઢ.) :-** નોકરીમાં ઉપર અધિકારીનું માર્ગદર્શન મળી રહે. બદલી-બઢતીની શક્યતા આરોગ્ય સુખાકારી.

**મકર(ખ.જ.) :-** વારસાગત મિલકતની પ્રાપ્તિ થાય. આવકનું પ્રમાણ જળવાઈ રહે.

**કુંભ(ગ.શ.સ.) :-** જમીન, વાહન, મકાનના યોગ. આરોગ્ય સુખાકારી, કૌટુંબિક વાતાવરણ સુમેળ ભર્યું બની રહે.

**મીન(દ.ચ.ઝ.) :-** ઇષ્ટદેવની કળપાથી મુશ્કેલીમાં રાહત. ર્ધામિકયાત્રા પ્રવાસના યોગ. આરોગ્ય સારું રહે.

### કોરોના સંકટ: કોંગ્રેસ વર્કિંગ કમિટીની બેઠક વીડિયો કોન્ફ્રેન્સિંગથી યોજાઇ

# લોકડાઉન જરૂરી હતું, પણ અનિયોજિત રીતે લાગૂ કરાયું: સોનિયા ગાંધી




ન્યુ દિલ્હી,તા.૨

કોરોના સંકટ અને લોકડાઉનના કારણે કોંગ્રેસ વર્કિંગ કમિટીની બેઠક ગુરુવારે વીડિયો કોન્ફ્રેન્સિંગ દ્વારા યોજાઈ હતી. આ દરમિયાન કોંગ્રેસના અંતરિમ અધ્યક્ષ સોનિયા ગાંધીએ મોદી સરકાર પર નિશાન સાધ્યુ હતુ. સોનિયા ગાંધીએ કહ્યું છે કે, ૨૧ દિવસનું લોકડાઉન જરૂરી હતું, પરંતુ તેને અનિયોજિતરીતે લાગૂ કરવામાં આવ્યું. લોકડાઉનના કારણે લાખો પ્રવાસી મજૂરો હેરાન થઈ રહ્યા છે.

મોદી સરકારે માગ કરતા સોનિયા ગાંધીએ કહ્યું કે, સરકારે ડૉક્ટરો, નર્સો અને ચિકિત્સા કર્મચારીઓને વ્યક્તિગત સુરક્ષા ઉપકરણો પ્રદાન કરવા જોઈએ. કોરોના વાયરસ માટે નક્કી કરેલી હોસ્પિટલો, બેડની સંખ્યા, ક્વોરેન્ટિન અને પરીક્ષણ સુવિધાઓ અને ચિકિત્સા આપૂર્તિ વિવરણ પ્રકાશિત કરવું જોઈએ. પાકની કાપણી માટે ખેડૂતો પર લગાવવામાં આવેલો પ્રતિબંધ હટાવી લેવો જોઈએ.

સોનિયા ગાંધીએ કેન્દ્ર સરકારને મધ્યમ વર્ગ માટે એક સામાન્ય ન્યૂનતમ રાહત કાર્યક્રમ તૈયાર કરવા અને પ્રકાશિત કરવાની અપીલ કરી. તેમણે કહ્યું કે, કોંગ્રેસ સરકારો, ફ્રન્ટલ, સંગઠનો, આપણા નેતાઓ અને કાર્યકર્તાઓએ આગળ આવવું જોઈએ અને એ પરિવારોને પોતાની મદદ પૂરી પાડવી જોઈએ, જે ખૂબ જ જોખમમાં છે.

## કોરોના સંકટ વચ્ચે ટ્રમ્પનો દાવો: ઈરાન હુમલાની તૈયારી કરી રહ્યું છે

વોશિંગ્ટન,તા.૨

અમેરિકા કોરોના વાયરસથી દુનિયામાં સૌથી વધારે પ્રભાવિત દેશ છે ત્યાંજ ઈરાન એશિયાનો સૌથી વધારે સંક્રમિત દેશ છે અને બંને દેશ કોરોના પર રોક લગાવવા માટે કામ કરી રહ્યા છે. પરંતુ બંને શત્રુ દેશની લડાઈ આ મહાસંકટની વચ્ચે પણ ચાલું છે. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનને ધમકી આપી છે જો તેમના સૈનિકો પર કોઈપણ હુમલો કરવામાં આવ્યો તો તેહરાન અને તેમના સહયોગીઓએ ભારે કિંમત ચૂકવવી પડશે.

ટ્રમ્પે બુધવારે મોડી રાત્ર ટ્વીટ કર્યુ કે, એવી સૂચના મળી છે અને મારા મતે ઈરાન અને તેમના સહયોગી ઈરાકમાં અમેરિકાના સૈનિકો અને સંપત્તિઓ પર હુમલા કરવાની યોજના બનાવી રહ્યા છે. જો આવું થાય છે તો ઈરાને ભારે કિંમત ચૂકવવી પડશે.

ઈરાનના કમાન્ડર કામિસ સુલેમાનીના અમેરિકાના એર સ્ટ્રાઈકમાં મૃત્યું બાદથી જ ઈરાકમાં સ્થિત અમેરિકાના દૂતાવાસ અને સૈન્ય ઠેકાણાઓ પર હુમલા થઈ રહ્યા છે. હાલમાં જ ઈરાકમાં અમેરિકાના દૂતાવાસની નજીક એક રોકેટ હુમલો કરવામાં આવ્યો હતો. માનવામાં આવી રહ્યું છે કે આ હુમલો દૂતાવાસને નિશાન બનાવીને કરવામાં આવ્યો હતો.

# એલઆઈસીએ પીએમ કેર ફંડમાં ૧૦૫ કરોડ આપ્યા

ન્યુ દિલ્હી,તા.૨

કોરોના સામેની લડાઈમાં વડાપ્રધાન મોદીની અપીલ પર કોર્પોરેટ જગત કરોડો રૂપિયા દાનમાં આપી રહ્યુ છે. પીએમ કેયર્સ ફંડમાં ભારતીય જીવન વીમા નિગમ (એલઆઈસી)એ ૧૦૫ કરોડ રૂપિયા આપ્યા છે. તે સિવાય જાણીતા ઉદ્યોગપતિ નારાયણમૂર્તિએ પણ કોરોના સામેની લડાઈમાં ૧૦ કરોડ રૂપિયા આપવાનું વચન આપ્યું છે. જોકે, તેઓ આ રકમ પીએમ કેયર્સ ફંડમાં ડોનેટ કરશે નહીં.કોરોના સંબંધિત રાહતકાર્યોમાં મદદ માટે એનઆર નારાયણમૂર્તિ અને તેમનો પરિવાર પોતાના પર્સનલ ફંડમાંથી અક્ષય પાત્ર ફાઉન્ડેશનને ૧૦ કરોડ રૂપિયા આપશે. આ ફંડ પ્રવાસી મજૂરો અને રોજગારી ગુમાવી ચૂકેલા દિહાડી મજૂરોને જમવાનું અને જરૂરી ચીજવસ્તુઓ આપવા પર ખર્ચ કરાશે.એલઆઈસીએ કોરોના વાયરસનની મહામારી સામે લડવા પીએમ કેયર્સ ફંડમાં ૧૦૫ કરોડ રૂપિયા દાનમાં આપ્યા છે. એલઆઈસીના ચેરમેન એમ.આર, કુમારે કહ્યું કે, ભારત આ મહામારીના કારણે ગંભીર પડકારનો સામનો કરી રહ્યું છે.

# ક્રૂડ પામતેલમાં ૧૮,૬૭૦ ટનના વોલ્યુમ સાથે વાયદાના ભાવમાં નરમાઈનો માહોલઃ કપાસ, કોટન પણ ઘટ્યા

એલચી, મેન્થા તેલમાં સુધારોઃ સોના-ચાંદીના વાયદાના ભાવમાં સાર્વત્રિક વૃદ્ધિઃ ક્રૂડ તેલમાં ઘટાડોઃ કોમોડિટી વાયદા અને ઓપ્શન્સમાં કુલ રૂ. ૯૮૮૮.૬૭ કરોડનું ટર્નઓવર

મુંબઈઃ વિવિધ કોમોડિટી વાયદા અને ઓપ્શન્સમાં મળીને એમસીએક્સ પર ૨૯૦૪૫૧ સોદામાં રૂ. ૯૮૮૮.૬૭ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાઓનો હિસ્સો રૂ. ૯૬૮૮.૩૮ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ. ૨૦૦.૨૯ કરોડનો રહ્યો હતો. કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાના ભાવમાં વૃદ્ધિ થઈ હતી. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ ઘટ્યું હતું. કૃષિ કોમોડિટીઝમાં ક્રૂડ પામતેલમાં ૧૮,૬૭૦ ટનના વોલ્યુમ સાથે વાયદાના ભાવમાં નરમાઈનો માહોલ હતો. કપાસ અને કોટન પણ ઘટી આવ્યા હતા. એલચી અને મેન્થા તેલમાં સુધારો વાયદાના ભાવમાં થયો હતો.

કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં કુલ ૯૫૮૭૬ સોદાઓમાં રૂ. ૪૩૫૧.૯૨ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૩૨૬૧ ખૂલી, ઊપરમાં રૂ. ૪૩૫૫૦ અને નીચામાં રૂ. ૪૩૦૮૦ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૦૨ વધીને રૂ. ૪૩૩૫૭ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિની એપ્રિલ કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૦૭ વધીને ૮ ગ્રામદીઠ રૂ. ૩૪૭૯૪ અને ગોલ્ડ-પેટલ એપ્રિલ કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૧ વધીને ૧ ગ્રામદીઠ રૂ. ૪૩૦૯ થયા હતા, જ્યારે સોનું-મિની એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૫૩ વધીને બંધમાં રૂ. ૪૩૫૭૮ ના ભાવ રહ્યા હતા.

ચાંદીના વાયદાઓમાં ચાંદી મે કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૩૯૫૯૯ ખૂલી, ઊપરમાં રૂ. ૪૦૦૫૦ અને નીચામાં રૂ. ૩૯૪૫૧ ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૩૪૯ વધીને રૂ. ૩૯૮૭૨ બંધ રહ્યો હતો. ચાંદી-મિની એપ્રિલ રૂ. ૩૫૨ વધીને રૂ. ૩૯૯૧૬ અને ચાંદી-માઈક્રો એપ્રિલ રૂ. ૨૬૬ વધીને રૂ. ૪૦૫૭૬ બંધ રહ્યા હતા.

એનર્જી સેગમેન્ટમાં કુલ ૧૪૭૮૦૪ સોદાઓમાં રૂ. ૩૭૭૪.૧૬ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ એપ્રિલ કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૧૬૫૮ ખૂલી, ઊપરમાં રૂ. ૧૬૫૮ અને નીચામાં રૂ. ૧૫૫૦ બોલાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૫૯ ઘટીને રૂ. ૧૬૨૧ બંધ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝમાં ૧૭૫૫ સોદાઓમાં કુલ રૂ. ૧૩૯.૧૨ કરોડનાં કામકાજ થયાં હતાં. કોટન એપ્રિલ વાયદો ગાંસડીદીઠ રૂ. ૧૬૧૪૦ ખૂલી, ઊપરમાં રૂ. ૧૬૧૭૦ અને નીચામાં રૂ. ૧૬૦૭૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૯૦ ઘટીને રૂ. ૧૬૧૧૦ ના સ્તરે બંધ રહ્યો હતો. સીપીઓ એપ્રિલ કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ. ૬૫૮.૧ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૮.૭ ઘટીને બંધમાં રૂ. ૬૪૫.૧ ના ભાવ હતા, જ્યારે એલચી એપ્રિલ વાયદો કિલોદીઠ રૂ. ૨૦૬૩.૨ ખૂલી, અંતે રૂ. ૬૨.૨ વધીને રૂ. ૨૦૬૫.૪ થયો હતો. મેન્થા તેલ એપ્રિલ વાયદો કિલોદીઠ રૂ. ૧૦૯૫ ખૂલી, ઊપરમાં રૂ. ૧૧૧૯.૧ અને નીચામાં રૂ. ૧૦૯૫ રહી, અંતે રૂ. ૧૧૧૫.૮ બંધ રહ્યો હતો. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ રૂ. ૯૪૧.૫ ખૂલી, ઊપરમાં રૂ. ૯૪૧.૫ અને નીચામાં રૂ. ૯૩૪ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૬.૫૦ ઘટીને રૂ. ૯૩૭.૫ ના સ્તરે બંધ રહ્યો હતો.

વાયદાઓમાં કામકાજની દષ્ટિએ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વિવિધ વાયદાઓમાં મળીને ૨૫૪૬૯ સોદાઓમાં કુલ રૂ. ૨૬૦૪.૭૯ કરોડ ની કીમતનાં ૬૦૫૫.૧૧૮ કિલો, ચાંદીના વિવિધ વાયદાઓમાં મળીને ૭૦૪૦૭ સોદાઓમાં કુલ રૂ. ૧૭૪૭.૧૩ કરોડ ની કીમતનાં ૪૩૮.૨૫૬ ટન, ક્રૂડ તેલમાં ૧૦૮૧૭૨ સોદાઓમાં રૂ. ૨૭૪૦.૧૦ કરોડનાં ૧૭૧૭૧૯૦૦ બેરલ્સ, કોટનમાં ૨૦૫ સોદાઓમાં રૂ. ૧૧.૭૯ કરોડનાં ૭૨૭૫ ગાંસડી, સીપીઓમાં ૧૪૪૦ સોદાઓમાં રૂ. ૧૨૦.૮૧ કરોડનાં ૧૮૬૭૦ ટન, એલચીમાં ૧૮ સોદાઓમાં રૂ. ૩૫.૩૨ લાખનાં ૧.૮ ટન, મેન્થા તેલમાં ૭૨ સોદાઓમાં રૂ. ૫.૭૯ કરોડનાં ૫૨.૫૬ ટન, કપાસમાં ૨૦ સોદાઓમાં રૂ. ૩૭.૪૯ લાખનાં ૮૦ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વાયદાઓમાં ૧૯૩૦૬.૫૪ કિલો, ચાંદીના વાયદાઓમાં ૧૮૦.૨૮૬ ટન, ક્રૂડ તેલમાં ૩૦૯૧૯ બેરલ્સ, કોટનમાં ૧૭૭૦૨૫ ગાંસડી, સીપીઓમાં ૫૮૫૫૦ ટન, એલચીમાં ૬.૭ ટન, મેન્થા તેલમાં ૧૨૬.૭૨ ટન અને કપાસમાં ૫૯૨ ટનના સ્તરે રહ્યો હતો.



સુરત વરાછા પુણાગામ વિસ્તારનું શ્રી મારુતિ સેવા પરમો ધર્મ દ્વારા આજરોજ શ્રી રામ નવમીના પાવન અવસર પર એક મહા સેવા યજ્ઞનો પ્રારંભ કરવામાં આવ્યો અંજની સોસાયટી પુણાગામ દ્વારા જ્યાં સુધી લોક ડાઉન રહે ત્યાં સુધી દરરોજ સોસાયટી ની ગલીઓમાં બે વાસણ આવશે જેમાં એક વાસણમાં રોટલી અને બીજા વાસણમાં શાક એવી રીતે આખી સોસાયટી માંથી ભેગું કરી ૨૦૦ થી ૩૦૦ માણસોને જમાઈ એટલી રસોઈ થઈ હતી આપણી ગુજરાતી કહેવત છે ને કે ટીપે ટીપે સરોવર ભરાય એવી જ રીતે એક પણ રૂપિયાના ખર્ચ કર્યા વગર હવેથી દરરોજ જરૂરિયાત મંદ એવા ૨૦૦ થી ૩૦૦ માણસોને જમાડવામાં આવશે આવું મંડળના પ્રમુખ એવા હિતેશભાઈ સોલંકી જણાવ્યું હતું બીજું કે એમણે એવું પણ કહ્યું હતું જો બધી જ સોસાયટીવાળાઓ આવો વિચાર લઈને સેવા યજ્ઞનો પ્રારંભ કરે તો કદાચ ગમે એટલી વિકટ પરિસ્થિતિ આવે તોપણ કોઈ ભૂખ્યું નહીં રહે બધા સુધી સેવા પહોંચી રહેશે

સહયોગી સંસ્થા - શ્રી મારુતિ ધૂન મંડળ , મીડિયા એવમ પોલીસ પબ્લિક સહયોગી સંગઠન

તસ્વીરઃ- વિરલ વરીયા (ફેસબુક પેજ પ્રેરણા બળ સંચાલક,સુરત)

# ખોડલા પ્રા. શાળાના શિક્ષક શ્રી બકુલચંદ્ર વી. પરમારની નવતર પહેલ



વાલમ ગામના વતની અને બનાસકાંઠા જીલ્લાના પાલનપુર તાલુકાની ખોડલા શાળાના શિક્ષક શ્રી બકુલચંદ્ર વાલજીભાઈ પરમારે કોરોના મહામારીને કારણે બાળકોને શાળામાં રજા હોવાથી બાળકો ઘરેજ તેમના વાલી સાથે અભ્યાસ કરી શકે તે હેતુ સર તા.૧૬.૩.૨૦૨૦થી તા.૩૧.૩.૨૦૨૦ સુધીના સમયગાળા દરમિયાન ધોરણ ૬થી૮ના દ્વિતિય સત્ર પુનરાવર્તન માટે વિજ્ઞાન ઓનલાઇન ક્વિઝનું આયોજન કર્યું હતુ.

જેમાં એન્ડ્રોઈડ મોબાઈલ ધરાવતા બાળકોના વાલીઓનું ગ્રૂપ બનાવી ધોરણ-૬ના ૨૩, ધોરણ-૭ના ૨૮અને ધોરણ-૮ના ૩૩ બાળકોએ પોતાના ઘરે વાલી સાથે ઓનલાઇન ક્વિઝ રમી હતી. બાળકોએ કંઈક નવું શીખ્યાનો અનેરો અનુભવ કરી ટેક્નોલોજીનો ઉપયોગ કર્યો હતો. વાલીઓએ દિવ્યાંગ શિક્ષક શ્રી બકુલચંદ્ર પરમારની આ નવતર પહેલને અભિનંદન પાઠવી આભાર માન્યો હતો. આ કાર્યમાં શ્રી નિકુંજ જગદીશભાઈ ગોમતીવાલે અને પરીખ હર્ષવર્ધને ઉમદા સહયોગ પૂરો પાડ્યો હતો.

### હારીજ ના બોરતવાડા ગ્રામ પંચાયત દ્વારા

# લોકડાઉન ને લઈ બાંકડા ઉંધા વાળી બળેલું ઓઈલ રેડી લોકો ન બેસે તે માટે અપનાવ્યો નવતર પ્રયોગ

આરોગ્ય વિભાગ સતત ડોર ટુ ડોર સેવામાં ,દિવસ ભર પોલીસ દ્વારા પેટ્રોલિંગ ,તથા ગ્રામ પંચાયત દ્વારા લોકો માં જાગૃતિ લાવવા કરવામાં આવ્યા જરૂરી સૂચનો...કોરોના ના લીધે જે મહામારી પુરા વિશ્વમાં વ્યાપી રહી છે તેના બચાવ ના ભાગરૂપે હારીજ તાલુકાના બોરતવાડા ગ્રામ પંચાયત દ્વારા ગામમાં બેસવાની તમામ જગ્યાઓ પર બળેલું ઓઈલ રેડી તથા બાંકડાઓ ઊંધા કરી દેવામાં આવ્યા હતા જેને પગલે લોકો એ બહાર નીકળવાનું ટાળ્યું હતું..જેને પગલે ચુસ્ત લોક ડાઉન જોવા મળ્યો હતો તેમજ ગ્રામ પંચાયત દ્વારા લાઉડ સ્પીકર સાથે શેરી મહોલ્લા ના તમામ નાગરિકોને ઘરમાં રહેવું ક્યાંય બહાર નીકળવું નહીં દિવસ માં વારંવાર સાબુથી હાથ ધોવા બહારના લોકો આવ્યા હોય તેવા તમામ ગામ પંચાયતમાં નોંધણી કરાવવી તથા



આરોગ્ય કેન્દ્રમાં નોંધણી કરાવવી અને કોરોનાવાયરસ નાથવા માટે જેટલું બને તેટલું લોકો ઘરમાં રહે અને એકબીજાથી દૂર રહે તેવી વારંવાર ગ્રામ પંચાયત દ્વારા જાહેરાત કરવામાં આવી રહી હતી કોરોના કહેર વચ્ચે દિવસ ભર આરોગ્ય વિભાગ કર્મચારીઓ માહિતી પ્રમાણે સતર્ક થઈ ડોર ટુ ડોર લોકો નું ચેકઅપ કરી લોક સેવા આપી પોતાની ફરજ બજાવી રહ્યા છે.તેમજ હારીજ તાલુકા પોલીસ દ્વારા કલમ ૧૪૪ ના પગલે સતત પેટ્રોલિંગ કરી લોકો ને ઘરમાં રહેવા બહાર ન નિકળવા અપીલ કરી રહી છે....



# થાનમાં સસ્તા અનાજની દુકાનમાં ચેકીંગ કામગીરી

## પુરો માલ નહી અપાયો હોવાની રાવથી તંત્ર દોડતુ થયું

**(ફારૂક ચૌહાણ)** વઢવાણ તા.૨

વિશ્વ આખા મા કોરોના નામ નો વાયરસ ની બીમારી ચાલી રહી છે. ત્યારે લોકડાઉન દરમિયાન ગુજરાત ના માનનીય મુખ્યમંત્રીશ્રી, વિજયભાઈ રૂપાણી એ સસ્તા અનાજ ની દુકાન દ્વારા મફત(ફ્રી)અનાજ આપવાની જાહેરાત કરેલી. તે જાહેરાત મા વ્યક્તિ દીઠ ઘઉં:-૩.૫કિલો અને ચોખા વ્યક્તિ દીઠ:- ૧.૫ કિલો અને

ખાંડ રેશનકાર્ડ દીઠ:- ૧.૦ કિલો અને મીઠુ રેશનકાર્ડ દીઠ:- ૧.૦કિલો અનેચણાદાળ રેશનકાર્ડ દીઠ:-૧.૦કિલો કરેલ હતી. આ જાહેરાત મા થાનગઢ ની સસ્તા અનાજની ભુપતભાઇ નંદલાલ શાહ ની દુકાને ભ્રસ્ટાચાર થવાની બાતમી ના આધારે મંજુર વર્ગ ના લોકો ની તપાસ મા જેમ વાહાભાઈ ભરવાડ ને સરકાર તરફથી તેમને ઘઉં ૧૫ કિલો મળવા જોઇએ તો તેમને માત્ર ૧૦કિલો આપીયા

ભોપાભાઇ ભરવાડ ને ૨૫કિલો ઘઉં મળવા જોઈએ તો માત્ર ૧૫કિલો જ આપીયા રવિભાઈ ભરવાડ ને ૨૧કિલો ઘઉં મળવા જોઈએ તો માત્ર ૧૦કિલો આપીયા ની ફરિયાદો ઉઠી ત્યારે સમાજ કાર્ય કરો દ્વારા દુકાન ની મુલાકાત લેતા તમામ ભ્રસ્ટાચાર હોય તેવું બહાર આવ્યુ. તાત્કાલિક નાયબ મામલતદાર સાહેબ પુરવઠા તથા મામલતદાર શ્રી ભુપતભાઇ નંદલાલ શાહ સામે કાયદેસર ની કાર્યવાહી કરી ગ્રાહક ના નિવેદન લઇ કરી હતી.

# ૭-૮ એપ્રિલે હવામાનમાં પલટો આવવાની આગાહી

ગાંધીનગર,તા.૨

આગામી દિવસોમાં પશ્ચિમી વિક્ષેપથી થયેલી વિપર્યાયથી જનજનમાં હાનિ થવામાં હતી ત્યારે આગામી દિવસોમાં ગરમી વધી શકે તેમ છે. તારીખ ૪-૫-૬માં અમદાવાદ, વડોદરા, સુરેન્દ્રનગર, અમરેલી, રાજકોટ, ડીસાના ભાગોમાં મહત્તમ ઉષ્ણતામાન ૪૧ ડિગ્રી સેલ્સિયસને પાર કરી શકે તેમ છે.જૂનાગઢ, સુરત, ભુજના ભાગોમાં પણ ગરમી રહી. તા.૭-૮માં હવામાન પલટો આવી શકે છે. વાદળછાયું રહે. પુનઃ તા ૧૩થી ૧૫માં હવામાનમાં પલટો આવી શકે અને તા. ૧૭ સુધીમાં દેશના ઉત્તરીય પશ્ચિમી ભાગોમાં કમોસમી વરસાદ કે કરાં પડી શકે તેમ છે. ૨૦મી એપ્રિલ બાદ સાગરમાં પણ હવાના દબાણો ઉભા થાય તેમ છે. ૨૦૨૦ના ચોમાસા અંગે જોતા આ વખતે સમુદ્રના પ્રવાહો તટસ્થ રહેવાની ધારણા રહે. જેના લીધે ગત સાલના ચોમાસા કરતા આ વખતના ચોમાસાના સ્વરૂપમાં બદલો પણ આવી શકે.ગત વખતે ૧૪૫ ટકા વરસાદ થયો હતો પરંતુ આ વર્ષે ચોમાસાનું સ્વરૂપ બદલાઈ શકે. આ વર્ષે ચોમાસાનું સ્વરૂપ બદલાઈ શકે છે. આ વર્ષે માપસરનો પડે કારણ કે બંગાળના ઉપસાગર અને અરબી સાગરની ગરમીનું પ્રમાણ જળવાઈ રહે.



ગાંધીનગર કોંગ્રેસ દ્વારા માસ્ક વિતરણ કરવામાં આવ્યું.પ્રદેશ પ્રવક્તા નીશીત વ્યાસ.કોર્પોરેશન વિરોધ પક્ષ નેતા શૈલેન્દ્રસિંહ બિહોલા.રાકેશ જાણી તેમજ કાર્યકરો જોડાયા હતા.

# સરકાર અને લોકો માટે ચિંતા... દેશમાં કોરોના વાહકો કેટલા...? અને કોણ...?

(જીએનએસઃ હર્ષદ કામદાર)

કોરોનાએ સમગ્ર વિશ્વને હચમચાવી નાખવા સાથે ભારત સહિત ૧૮૩ દેશોને ચિતાની ઊંડી ખાઈમાં ધકેલી દીધા છે. તો આર્થિક ખાના ખરાબી પણ સર્જી દીધી છે. અમેરિકાના ટ્રમ્પના જીદ્દી વલણને કારણે અમેરિકામાં કોરોનાગ્રસ્તોનો આક ૧,૭૫,૦૦૦ પહોંચી ગયો છે. જ્યારે ૮૮૬ ના મોત થયા છે. છતાં ટ્રમ્પ લોકઆઉટ જાહેર કરવા તૈયાર નથી.... પરિણામે અમેરિકી પ્રજામાં ટ્રમ્પ પ્રત્યે આક્રોશ વધવા લાગ્યો છે. જે તેમને ભવિષ્યે ખૂણામાં ધકેલી દેશે....! તે નિશ્ચિત છે. આ બધા પાછળ અમેરિકાના રાષ્ટ્રપતિ અને ધનપતિઓ- ઉદ્યોગપતિઓની જમાત છે. તેઓ લોકડાઉન કરવાનુ ઈચ્છતા નથી.... પરંતુ હવે બે લાખ કોરોના ગ્રસ્તોના આક તરફ આગળ વધી રહેલા અમેરિકનોનો મૃતાક પણ વધવા લાગ્યો છે. હવે lockdown કરે તો કદાચ થોડો ઘણો ફાયદો થાય. પરંતુ ત્યાનુ ટ્રમ્પ તરફી મીડિયા અને ચીનનુ મીડિયા ભારતમાં lockdown પછી ખાવાનું ન મળતા ચાલી જતાં ચિંતામાં મુકાઈ ગયેલા હજારો મજૂરો, વનવાસીઓ, આદિવાસીઓએ વતનની વાટ પકડતા થયા તેના સમાચારો બતાવીને અમેરિકામાં પ્રજાને ટ્રમ્પ ડરાવી રહ્યા છે.... કે જો લોકડાઉન કરવામાં આવે તો અમેરિકામાં પણ લોકો ભાગવા લાગશે. લોકડાઉનથી દૂર રહેવા છતાં અમેરિકાના અર્થતંત્રને અસર થઈ છે... તો જાનહાનિ આંક પણ વધતો જઈ રહ્યો છે. અને પોણા બે લાખ લોકોને કોરોના વાયરસ થયેલાઓમાં રોજેરોજ આંકડો વધતો જઈ રહ્યો છે. દરરોજના ૨૦ હજાર નવા કેસો નોંધાતા જઈ રહ્યા છે. અમેરિકા તમામ રીતે સમર્થ છે છતાં મહામારીમાંથી બચાવવા ટ્રમ્પ નિષ્ફળ ગયા છે. ત્યાં દરેક રાજ્યની માંગ હોવા છતાં lockdown કરવા તૈયાર નથી આ કારણે અમેરિકનોને મોટા પ્રમાણમાં ભોગવવુ પડશે તે સાથે મોટો આર્થિક ફટકો પણ પડશે તે નિશ્ચિત છે.....! ભારતમાં હવે સાચા અર્થમાં કસોટી શરૂ થઈ છે. કોરોના ગ્રસ્તોનો આંકડો ૧૫૦૦ ને પાર કરી ગયો છે. ૪૬ ના મોત થયા છે. જેમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૧ના મોત થયા છે. જોકે ડોક્ટર્સોની ટીમોએ ૧૨૬ જેટલા લોકોને કોરોનાથી ઉગારી લીધા છે... પરંતુ સરકાર માટે ચિંતાની બાબત એ બની રહી છે કે વિદેશથી આવેલા કે જેમા કેટલાક કોરોના ચેપ ધરાવતા હશે તેવાઓને હવે અઠવાડિયે બહાર આવવું જ પડશે. અને આવા નફીકરા કે પોતાના રોગને છુપાવનારાઓને કારણે આરોગ્ય તંત્ર- સરકારી તંત્રનું કામ વધી જશે. આવા લોકો કોને કોને મળ્યા, ક્યા રખડયા કે ભટક્યા તેની તપાસ કરીને અનેક લોકોને ક્વોરેન્ટાઈન કરવા પડશે... તે સાથે ડિસઈન્ફેક્શનની કામગીરી હાથ ધરવી પડશે. મોદીજીએ lockdown કરીને સાચા અર્થમાં દૂરંદર્શીતા વાપરી હતી. પરંતુ ભારતમાં અનેક એવા અબુધ-ભણેલા છતાં ગમાર લોકો છે જેઓ કોરોનાની ભયાનકતાને સમજી શક્યા ન હતા.... અને કોઈપણ બહાને ટહેલવા નીકળી પડતા જે હવે તેના પરિવાર- સમાજ ને માટે ભાર રૂપ બનવા લાગ્યા છે. તો lockdown પહેલા વિદેશથી આવેલાઓ કે પછીથી આવેલાઓ સ્વયં આરોગ્ય તંત્ર સામે આવતા નથી તેવા લોકો આમ પ્રજા અને સરકાર માટે ભારરૂપ છે.... તેનો એક દાખલો પુરતો છે પ્રખ્યાત ગાયીકા સુપર ડોલ બેબી કનીકા કપુર લંડનથી કોરોના લઈને આવ્યા બાદ લખનઉ ખાતે ભવ્ય પાર્ટીમાં હાજરી આપી હતી . ત્યાર બાદ ત્રણેક પાર્ટી યોજાઈ હતી જેમાં અનેકોએ કનીકા સાથે હાથ મિલાવ્યા હતા તો કેટલાકે ગળે પણ લગાવી હતી.આ પાર્ટીમાં વસુંધરારાજે સિંધિયા, દુષ્યંત સિધિયા, યુપીના આરોગ્ય મંત્રી સહિત અનેક વીવીઆઈપીઓએ ભાગ લીધો હતો... તો સાંસદો અન્ય સાસદોના- પ્રધાનોના સંપર્કમાં પણ આવ્યા હશે, અને યુપી મંત્રી ધારાસભ્યોને, અનેક મંત્રીઓને, નેતાઓ અને લોકોના સંપર્કમાં આવ્યા હશે. કનિકાના ચાર મેડિકલ ટેસ્ટ થયા અને ચારેય પોઝિટીવ આવ્યા છે. ત્યારે આવા વિદેશથી આવનારા પોતાનો રોગ છુપાવી,બેશર્મ બની અન્યોને પણ પોતાનો ચેપ પહોંચાડે છે... આને કનિકા કોરોના બોમ્બ ના કહેવાય તો શું કહેવાય...? એટલે હવે નવા કેસ દેખાવાની શરૂઆત થશે.... જે દેશ માટે ચિતાદાયક હોઈ શકે......! દેશમાં કેવા કેવા નાસમજુઓ કે અડિયલો છે કે કોરોનાની ભયંકરતાને સમજી શક્યા નથી કે માનવા તૈયાર નથી....જેમા આ દેશમાં lockdown છતાં દિલ્હીમાં નિઝામુદ્દીન ખાતે આવેલ તબલિગી જમાતના મરકઝ... મતલબ આંતરરાષ્ટ્રીય મુખ્ય કેન્દ્ર ખાતે દેશ-વિદેશના અનેક ધાર્મિક સંમેલન યોજ્યું હતું તેમાં આવ્યા હતા. પોલીસ દ્વારા બબ્બે વખત નોટીસ આપવા છતાં કાર્યક્રમ યોજાયો હતો. આખરે કોરોનાનો ફેલાવાને લઈને પોલીસ દ્વારા પંદરસો ઉપરાંત લોકોને બહાર કઢાયા હતા જેમા ૪૪૦ ઉપરાંતને કોરોનાના લક્ષણ દેખાયા હતા. અને ૧૧૨૭ જેટલા ને ક્વોરન્ટાઈન માટે મોકલવામાં આવ્યા હતા. ત્યારે આ કાર્યક્રમમાં હાજરી આપનારા પૈકી દિલ્હીમાં તબલિગી સમાજના ૨૪ જેટલા કેસ પોઝિટિવ આવતા આરોગ્ય તંત્ર ખળભળી ઊઠયું છે. તો આ કાર્યક્રમમાં હાજરી આપનાર તેલંગાણાના ૬ અને જમ્મુ-કાશ્મીરમાં એકનું મોત થયું છે. સુરતના ૭૬ જેટલાએ ભાગ લીધો હતો અને ભાવનગર તથા બોટાદ જિલ્લાના ૧૭ જેટલાએ ભાગ લીધો હતો. જેથી તમામ રાજ્યોની સરકારોનું તંત્ર આવા ભાગ લીધેલાઓને શોધવાના કામમાં દોડતું થઇ ગયું છે. ત્યારે પોતાને ધાર્મિક ગણાવતા તબલિગી સમાજના લોકોએ સમાજના હિત માટે દેશના હિત માટે સામેથી સરકાર સમક્ષ આવવું જોઈએ... જેમાં તેમની પોતાની અને સમાજના લોકોની જિંદગીનો બચાવ થઈ શકે.....! પરંતુ અગત્યનો સવાલ લોકોમા ઉઠવા પામ્યો છે કે lockdown ના ૨૦ દિવસ પહેલા અને પછી વિદેશમાં ગયેલા ને કે હવાઈ જહાજ દ્વારા પરત લાવવામા આવેલ તમામની મેડિકલ તપાસ કરવામાં આવી છે ખરી....? કે lockdown પહેલા વિદેશથી પરત ફરેલા સામેથી મેડિકલ ચેકઅપ માટે આરોગ્ય તંત્ર પાસે આવ્યા છે કે કેમ....? કે પછી કનિકાની જેમજ.....!! વંદે માતરમ્

દાતાઓ અને જિલ્લા વહીવટીતંત્રના સહયોગથી લોકડાઉનના સમયે પાલનપુર પરિવર્તન ગ્રુપના યુવાનો દરરોજ ૫ હજાર માણસોને જમાડે છે

# બનાસકાંઠા કલેકટરશ્રી સંદીપ સાગલેએ પરિવર્તન ગ્રુપના ભોજન સેવા કેન્દ્રની મુલાકાત લઈ સેવાને બિરદાવી

બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

કોરોનાના સંક્રમણથી બનાસવાસીઓને સુરક્ષિત રાખવા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા યુધ્ધના ધોરણે પ્રયાસો ચાલી રહ્યા છે ત્યારે દાતાઓએ પણ ઉદાર હાથે સહાયની સરવાણી વહાવી ઉત્તમ સેવા કરી રહ્યા છે. લોકડાઉનના આ સમયમાં પરિવર્તન ગ્રુપ પાલનપુરના યુવાનો પાલનપુર શહેર અને આસપાસના વિસ્તારોમાં રોજના ૫ હજાર માણસોને વિનામૂલ્યે જમાડવાની ઉત્તમ સમાજ સેવાનું ઉદાહરણ પુરુ પાડી રહ્યા છે.



બનાસકાંઠા જિલ્લા કલેકટરશ્રી સંદીપ સાગલેએ પાલનપુર મુકામે ધનિયાણા ચોકડી ખાતે આ ભોજન સેવા કેન્દ્રની મુલાકાત લઈ તેમજ ભોજન આપવા અંગેની વ્યવસ્થાની જાણકારી મેળવી પરિવર્તન ગ્રુપના યુવાનોની સેવાને બિરદાવી અભિનંદન આપ્યાો હતાં. કલેકટરશ્રીએ કહ્યું કે, પરિવર્તન ગ્રુપના યુવાનો દ્વારા જરૂરીયાતમંદ લોકો સુધી સામેથી જઈને ભોજન સુવિધા પુરી પાડવાની બહુ સરસ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

પરિવર્તન ગ્રુપના શ્રી મનોજભાઈ ઉપાધ્યાયે જણાવ્યું કે, અમે પાંચ મિત્રો રવિભાઈ સોની- પરિવાર ક્લાસીસ, અશોકભાઈ પટેલ, દિવાકરભાઈ જોષી અને જયંતિભાઈ પઢીયારે મળીને લોકોડાઉનના સમયમાં ૧ હજાર જેટલાં લોકોને ભોજન મળે તેવી વ્યવસ્થા ગોઠવવાનું નક્કી કર્યુ હતું, પરંતું દાતાઓના સાથ સહકારથી આજે દરરોજ અમે ૫ હજાર લોકોને ભોજન આપી શકીએ છીએ તેનો આનંદ છે. તેમણે કહ્યું કે, પાલનપુર શહેરના ૬ જેટલાં રૂટ બનાવી બપોરે ૫ હજાર માણસોને પુરી-શાક, દાળબાટી, દાળભાત વારાફરતી આપીએ છીએ અને સાંજે કઢી-ખીચડી, સ્વામીનારાયણ ખીચડી, પુલાવ વગેરે બનાવી અલગ અલગ રૂટના ટ્રેક્ટર ટ્રોલી અને જીપડાલામાં ભરી ૫૦ યુવાનો જરૂરીયાતમંદ લોકો સુધી પહોંચી પ્રેમથી જમાડે છે. તેમણે કહ્યું કે, બનાસકાંઠા જિલ્લા વહીવટીતંત્રનો ખુબ સહયોગ મળી રહ્યો છે. વાહન પાસથી લઈ ૪૦ ગેસના બાટલા, ૪૦૦ કિ.લો. દાળ તંત્ર તરફથી મળી છે. અમે કોઈપણ વ્યક્તિ પાસેથી રોકડ રકમ લીધા સિવાય આ સેવાકેમ્પ છેલ્લા ૧૦ દિવસથી ચલાવી રહ્યા છીએ. જેમાં શાકભાજીના દાતાશ્રી લલિતભાઈ વાસવાણી, સેવા કેન્દ્રની જગ્યાના દાતા- રાધે હોટલવાળા શ્રી પ્રતિકભાઈ જોષી કે જેમણે આ સેવા કેન્દ્ર ચાલે ત્યાં સુધી પોતાની હોટલનો પણ ઉપયોગ કરવા ઉદાર હાથે મદદ કરી છે. શ્રી મનોજભાઈએ કહ્યું કે, લોકડાઉનના સમયમાં લોકો ભૂખ્યા ન રહે તેની ચિંતા સમાજ પણ કરતો હોય છે.દાતાશ્રીઓ દ્વારા અમને પાંચ દિવસનો સ્ટોક એડવાન્સમાં મળી ગયો છે અને આ સેવા લોકડાઉન રહેશે ત્યાં સુધી અવિરત ચાલતી રહેશે તેમ તેમણે જણાવ્યું હતું.

નોડલ ઓફિસરશ્રી ચેતનભાઈ પટેલે જણાવ્યું કે, લોકોની મદદ માટે શરૂ કરવામાં આવેલ કંટ્રોલ રૂમ પર ભોજન માટે કોઈ ફોન કોલ આવે તો તાત્કાલીક આ ગ્રુપને જાણ કરવામાં આવે છે. આ ગ્રુપ દ્વારા બે ઈમરજન્સી રૂટ પણ બનાવેલા છે તેઓ તેમના ઘરે જઈ ભોજન આપી આવે છે એવી વ્યવસ્થા કરી છે.

ભોજન સુવિધા માટે સંપર્ક નંબર આપની આજુબાજુ પાલનપુર શહેરમાં કોઈ ભૂખ્યુ ન સૂવે તે માટે પરિવર્તન ગ્રુપના શ્રી મનોજભાઈ ઉપાધ્યાયના મોબાઈલ નં. ૯૪૨૯૭૧૭૨૫૯ ઉપર સંપર્ક કરવા તેમણે જણાવ્યું છે.

શ્રી અલમીન ચેરીટેબલ એન્ડ એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા શહેરમાં

# છેલ્લા ૫ દિવસથી ટીફીન સેવા, ફૂડ પેકેટ વિતરણ - વશરામભાઈ સાગઠીયા



શ્રી અલમીન માનવસેવા ચેરીટેબલ એન્ડ એજ્યુકેશન ટ્રસ્ટના સ્થાપક અને રાજકોટ મહાનગરપાલિકાના વિરોધપક્ષના નેતા શ્રી વશરામભાઈ સાગઠીયાની યાદી જણાવે છે કે સમગ્ર વિશ્વમાં કોરોનાના કહેર હોય તેમજ સમગ્ર ભારત દેશમાં અને ગુજરાત રાજ્યમાં કોરોના ૨-૩ તબક્કામાં હોય ત્યારે રાજકોટ શહેરમાં વોર્ડ નં.૧૫ના જુદા-જુદા વિસ્તારોમાં દરરોજ છેલ્લા ૫ દિવસથી વોર્ડની શેરીઓમાં ફરી ફૂડ પેકેટ અને ટીફીન ઘરે ઘરે પહોંચાડવાની વ્યવસ્થા સંસ્થાના સ્થાપક શ્રી વશરામભાઈ સાગઠીયા દ્વારા કરવામાં આવેલ છે. આ વોર્ડમાં તા.૨૯/૦૩૨૦૨૦ થી આજ સુધી દરરોજ અનુક્રમે તા.૨૯ ના રોજ ૭૫૦-ફૂડ પેકેટ, તા.૩૦ના ૧૪૦૦ ફૂડ પેકેટ, તા.૩૧ના રોજ ૨૧૦૦ ફૂડ પેકેટ, તા.૦૧/૦૪ના રોજ ૪૦૦૦ ફૂડ પેકેટ અને આજે ૩૭૦૦ફૂડ પેકેટની વ્યવસ્થા કરવામાં આવે છે આ કાર્યમાં વોર્ડ નં.૧૫ના કોંગ્રેસ પક્ષના કાર્યકરો તેમજ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ, સમાજના આગેવાનો, આ સેવાકીય કાર્યમાં સેવા આપવા આવી રહ્યા છે.છેલ્લા ૪ દિવસમાં આ ટ્રસ્ટના રસોડે જુદા-જુદા રાજકીય આગેવાનો સામાજિક આગેવાનો અને સરકારી અધિકારીઓ ઉપસ્થિત રહી કામ કરનાર દરેક સ્વંયસેવક ભાઈ-બહેનને રૂબરૂ મળી સેવા કરવા બદલ બિરદાવેલ છે તેમજ કોરોના વાઈરસ સામે સાવચેતીના પગલા રાખવા અને સચેત રહેવાના પગલાઓ જણાવેલ છે તેમજ મુકાલાતે આવેલ આગેવાનશ્રીઓ રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ અશોકભાઈ ડાંગર, વોર્ડ પ્રમુખ વાસુરભાઈ ભમ્ભાની, કોર્પોરેટર મકબુલભાઈ દાઉદાણી, પ્રવીણભાઈ સોરાણી, રામભાઈ આહીર, સી.ડી.ચાવડા સાહેબ, હરજીભાઈ બથવાર, નંદલાલભાઈ બથવાર, માધુભાઈ ગોહેલ, ડી.કે. વાઘેલા, જયસુખભાઈ ખીમસુરીયા, થોરાળા પોલીસ સ્ટેશનના પી.આઈ.શ્રી હડિયા સાહેબ, જૈં જાદવ સાહેબ, હેડ કોન્સ્ટેબલ નરસંગભાઈ ગઢવી, કોન્સ્ટેબલ વિજયભાઈ મહેતા તેમજ કોર્પોરેશનના ઈશ્વરભાઈ સોલંકી, રાજુભાઈ મકવાણા, સહિતનાએ મુલાકત લીધેલ હતી.

આ રાહત કામગીરીમાં ટ્રસ્ટના સ્થાપક વશરામભાઈ સાગઠીયા, પ્રમુખ બીપીનભાઈ સાગઠીયા, નરેશભાઈ પરમાર, અરવિંદભાઈ મુછડીયા, વશરામભાઈ ચાંડપા, હીરાલાલ પરમાર, રમેશભાઈ બથવાર, પુનાભાઈ ચાવડા, બાબુભાઈ વાઘેલા, તુલસીભાઈ મકવાણા, વિજયભાઈ સોલંકી, વિજયભાઈ રામકબીર, હીરાભાઈ ચાવડા, બીપીનભાઈ રાઠોડ, રામદેવસિંહ વાઘેલા, ચંદુભાઈ સાગઠીયા, વિશાલ ચાવડા, હરેશભાઈ સોલંકી, મૌલિક મકવાણા, નિખીલ પીપળીયા, વિપુલભાઈ રાઠોડ, નરેશભાઈ દવેરા, પરસોતમભાઈ પરમાર, વરુણ જામ્બુકિયા, સાગઠીયા ધર્મેશ, લલિત પરમાર, સુભાષભાઈ સાગઠીયા, મેસુરભાઈ સાગઠીયા, રાજુભાઈ સોલંકી, રમેશભાઈ પાંચલ, ભરતભાઈ સાગઠીયા મહિલા સેવકો મનીષાબેન સોલંકી, ભાવનાબેન બગદડીયા, વર્ષાબેન ઘરાજીયા, હીરાબેન જીંજરીયા, રાણીબેન સોલંકી, પુનમબેન સોલંકી, આઈશાબેન સમા, રજીયાબેન સમા, ગીતાબેન ધરજીયા, પુજાબેન સોલંકી, જમનાબેન પરમાર, ગંગાબેન સોલંકી, વગેરે સેવા આપી રહ્યા છે.

(વશરામભાઈ સાગઠીયા)

# ચાણસ્મા શહેર સહિત ગામડાઓમાં સોશિયલ ડિસ્ટન્સ રાખી સરકારી અનાજ નું વિતરણ શરૂ કરવામાં આવ્યું

પાટણ જીલ્લાના ચાણસ્મા શહેર સહિત તાલુકાના ગામડાઓમાં સોસિયલ ડિસ્ટનસ રાખી સરકારી અનાજનુ વિતરણ શરુ કરાયું. સવારે ૮ વાગ્યા થી બી.પી.એલ. સહિત સરકાર દ્વારા નક્કી કરવામાં આવેલા નિયમો આધારિત રેશનકાર્ડ ધારકોને સરકારી અનાજનુ વિતરણ કરવાની શરૂઆત કરવામાં આવી હતી. હાલની સ્થિતિને ધ્યાનમાં રાખી રેશન લેવા આવેલા રેશનકાર્ડ ધારકોને એક બીજા નો સ્પર્શ ન થાય તે માટે એક બીજા રેશનકાર્ડ ધારકો વચ્ચે દોઢ ફુટ નું અંતર રાખીને સફેદ કુડાળાં કરવામાં આવેલા કુડાળા માં ઉભા રાખવામાં આવ્યા હતા.૧૨ વાગ્યા સુધી સરકારી અનાજ નું વિતરણ કરવામાં આવ્યું હતું.સરકારી અનાજ લેવા આવનારા કાર્ડ ધારકોને તકલીફ ના પડે કે અવ્યવસ્થા ના ઉભી થાય તે માટે પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. નિખિલ જોષી ચાણસ્મા.



લાયન્સ કલબ હેરિટેજ તથા એસ આર પી ગ્રુપ સેક્ટર ૨૭ ના સહયોગ થી આજ રોજ આશરે ૧૦૦ અનાજ ની કીટ નું વિતરણ કરવામાં આવ્યું જેનો લાભ સેક્ટર ૨૭ ના વસાહતિયોએ લીધો જેમાં સેક્ટર ૨૭ ના સામાજિક કાર્ય કરતા શ્રી કે કે ચૌહાણ, અરુણ ભાઈ રાવલ, રાઉત સાહેબ, મુકેશ ભાઈ પટેલ મનોજ ભાઈ રાવલ,લાયન્સ કલબ હેરિટેજ ના પ્રમુખ શ્રી સુનિલ ભાઈ ત્રિવેદી, મનોજ ભાઈ શરૈયા તેમજ સેનાપતિ ના કચેરીના પી આઈ શ્રી ચૌહાણ સાહેબ ના તેમજ સોઢા સાહેબ ના હષથકે અનાજ ની કીટ નું વિતરણ કરવામાં આવ્યું.

**ન્યુઝ ઓફ ગાંધીનગર દૈનિક પારિવારિક ઊર્મિ ફાઉન્ડેશન દ્વારા જાહેર જનતાને અપીલ કરવામાં આવે છે કે અમારા સહયોગીઓ દ્વારા રોજ ૨૫૦ થી ૨૭૫ ફૂડ પેકેટ તેમજ કરિયાણા ની કીટ નું જરૂરિયાતમંદ લોકો માં વિતરણ જુદા જુદા વિસ્તારમાં કરવામાં આવે છે.આ પ્રવૃત્તિ છેલ્લા ચાર દિવસ થી અવિરત ચલી રહી છે.આપ પણ આપનો સહયોગ એક કીટ ના ૭૦૦ રૂપિયા કે ૯૦૦ રૂપિયા.નાની મોટી કીટ પ્રમાણે અમારા અખબાર ના મેમનગર.વાસણા.શાહપુર હલીમ ની ખડકી.ગોઝારીયા પોળ કકે ગાંધીનગર મુખ્ય કાર્યાલય ખાતે સંપર્ક કરીને કરી શકો છે.**

**તંત્રી : પ્રદીપ રાવલ.(૯૮૨૪૬૫૩૦૭૩)**

**સહતંત્રી નિલેશ રાવલ.અમદાવાદ**

**(૯૮૨૫૩૬૨૭૫૮)(૯૮૨૪૦૯૬૨૫૦ બકુલ રાવલ)**

# પાટણ જિલ્લાનાં સાંતલપુરમાં ૧૧ વર્ષીય દીકરી સીતા બની પરિવારનો તારણહાર

રાજ્ય સરકાર વિશ્વ ફલક પર આગવું સ્થાન ધરાવે છે ત્યારે પાટણ જિલ્લાના છેવાડાના સાંતલપુર ગામમાં આર્થિક રીતે ગરીબ પરિવાર ને બે ટાઈમનું જમવાનું પણ નસીબ નથી અને પરિવારની દયનિય હાલત હૃદય સ્પર્શી જાય છે.પાટણના છેવાડા વિસ્તાર એવા સાંતલપુરના એક ગામમાં દેવાભાઈ રબારીનું ૨ વર્ષ અગાઉ કુદરતી મોત થયું હતું. ત્યાર થી પરિવાર પર આભ ફાટ્યું છે.પિતાના મૃત્યુબાદ માતા પિયર ભાંગી જતા બે નાના ભાઈઓ અને બહેનોની તેમજ વૃદ્ધ મોટી બા બે સમયના ભોજન માટે ટળવળે છે. અને હાલમાં ઘરની સૌથી મોટી દીકરી સીતા છૂટક મજૂરી કરી પરિવારનું ગુજરાન ચલાવે છે.ને સીતાની ઉંમર માત્ર ૧૧ વર્ષ છે. રમવા અને ભણવાની ઉંમરમાં જ સીતાએ સમગ્ર પરિવારની જવાબદારી માથે લીધી છે ગામમાં કોઈના વાસણ માજવા,કપડાં ધોવા કે પછી રસોડામાં નાનાં મોટાં કામ કરી ૧૦૦ રૂ કમાઈ પરિવારનું ગુજરાન ચાલે છે. પરિવારની વેદનના દયનિય બની છે. અને હાલના સમયમાં લોકડાઉનમાં મજૂરી પણ છીનવાઈ જતા પરિવાર ઉભર આભ ફાટયૂ છે.અને તંત્ર તેમજ સામાજિક સેવાભાવી સંસ્થાઓ આ પરિવાર ની વ્હારે આવે તેવી પરિવારજનોની વેદના છે.અને આ બાળકોને પરિસ્થિતિ જોતા જ કાળજુ કંપાવી દે છે અને આ પરિવારની હાલત પરથી સરકારની વિવિધ યોજનાઓ ડ્રોપ આઉટ રેશિયો, કન્યા કેળવણી, વિધવા સહાય,મા અમૃતમ, બેટી બચાવો બેટી પઢાવો જેવી યોજનાઓ માત્ર કાગળ પૂરતી સીમિત હોય તેવું સ્પષ્ટ જણાય છે તો હવે જોવું રહ્યું કે તંત્ર કે સેવાભાવી સંસ્થા દીકરી સીતાના વ્હારે આવશે કે પછી સીતાનું બાળપણ પરિવાર ની પરવરીશ માજ હોમશે એતો જોવું જ રહ્યું. ભરત જોશી



મોડાસાના તબીબની સતર્કતા તેના માટે માનસિક પીડા બની

# કોરોનનો રિપોર્ટ કરાવ્યા ની વાત લીક થઈ રિપોર્ટ નેગેટિવ છતાં લોકોનો ત્રાસ

અરવલ્લી બ્યુરો મોડાસા

ગુજરાત કોરોના નામની બીમારીમાં ૮૭ લોકો સંક્રમિત બન્યા છે ૭ દર્દીઓ કોરોના સામે જંગ જીતી ગયા છે તો બીજીબાજુ ૭ લોકોને કોરોના ભરખી ગયો છે સમગ્ર વિશ્વમાં કોરોનાને કારણે હાહાકાર મચ્યો છે ત્યારે ગુજરાતમાં કોરોના પ્રસરતા લોકોમાં ભય અને માનસિક રીતે ડિપ્રેશનમાં ગરકાવ થઈ ગયા છે કલોલમાં આયુર્વેદિક ડોક્ટર તરીકે ફરજ બજાવતા અને મોડાસા શહેરના મેઘરજ રોડ પરની સોસાયટીમાં રહેતા તબીબને શરદી-ખાંસી અને તાવની અસર જણાતા સાર્વજનિક હોસ્પિટલમાં સારવાર લીધી હતી હાલ કોરોનાના પગલે સતર્કતા દાખવી તબીબે અને આરોગ્ય વિભાગે કોરોનાનો રિપોર્ટ કરાવતા આ વાત વાયુવેગે પ્રસરતા મીડિયામાં સમાચાર પ્રસિદ્ધ થતાની સાથે લોકોમાં ભારે ફફડાટ ફેલાયો હતો લોકોમાં આ તબીબ કોણ છે...? તબીબનો રિપોર્ટ અંગે જાણવા લોકોએ ફોન પર ફોન અને સોશ્યલ મીડિયામાં ગુહાર નાખી હતી જો કે તબીબનો રિપોર્ટ નેગેટિવ આવતા તબીબ પરિવારે અને આરોગ્ય તંત્રે હાશકારો અનુભવ્યો હતો

મોડાસા શહેરના મેઘરજ રોડ પર રહેતા તબીબે ઈન્ફ્લૂએન્ઝા જેવા લક્ષણો જણાતા તકેદારીના ભાગરૂપે સાર્વજનિક હોસ્પિટલમાં સારવાર લેવા પહોંચ્યો હતો આરોગ્ય વિભાગે સતર્કતાના ભાગરૂપે તબીબનો કોરોનાનો રિપોર્ટ કરાવ્યો હતો આરોગ્ય તંત્રાની બેદરકાનીના પગલે તબીબનો કોરોનાનો રિપોર્ટ કરાવવામાં આવ્યો હોવાની સાથે તબીબની ઓળખની માહિતી પણ લીક થતાની સાથે તબીબ તેની પત્ની અને પરિવારજનો પર લોકોના ફોનનો મારો ચાલુ થઈ ગયો હતો તબીબ અને તેની પત્ની લોકોના જવાબ આપવાની માનસિક પીડાથી થાકી મોબાઈલ બંધ કરી દેવાની ફરજ પડી હતી તબીબ અને તેના પત્ની ની સતર્કતા હાલ તો તેમના માટે માનસિક ઉત્પીડન રૂપી સાબિત થયી હતી તબીબનો કોરોનાનો રિપોર્ટ નેગેટિવ આવતા તબીબ પરિવારે અને આરોગ્ય તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો મોડાસાના તબીબને શંકાસ્પદ કોરોનાના લક્ષણો જોવા મળ્યા અને આરોગ્ય વિભાગે તબીબનો કોરોનાનો રિપોર્ટ કરાવ્યો હોવાની વાત બહાર આવતાની સાથે લોકોએ તબીબ કોણ છે અને તબીબનો રિપોર્ટ શું આવ્યો....? તે જાણવા માટે કરેલી મથામણે રીતસરનો અરવલ્લી જીલ્લાના પ્રજાજનોમાં ભયનો માહોલ સર્જાયો હતો ગભરાયેલા જીલ્લાવાસીઓને વહીવટી તંત્રે તબીબ યુવકનો રિપોર્ટ નેગેટિવ આવ્યો હોવાનું જાહેર કરતા લોકોએ હાશકારો અનુભવ્યો હતો

# ઈડરના ધારાસભ્યશ્રી હિતુભાઈ કનોડિયા દ્વારા ધારાસભ્યની ગ્રાન્ટમાંથી ૨૫ લાખ આરોગ્ય સોસાયટીને ફાળવ્યા



વૈશ્વિક મહામારી નોવેલ કોરોના વાયરસનુ સંક્રમણ સાબરકાંઠા જિલ્લામાં ન ફેલાય તે માટે વહિવટી તંત્ર સતત સર્તકતા રાખી રહ્યું છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા આર્થિક સહાય માટે અપીલના પગલે ઈડર ધારાસભ્યશ્રી હિતુભાઈ કનોડિયાએ પોતાની ધારાસભ્યની ગ્રાન્ટમાંથી આરોગ્ય અને પરિવાર કલ્યાણ હેઠળની સ્ટેટ હેલ્થ સોસાયટીને ૨૫ લાખ ફાળવવા વહિવટી તંત્રને પત્ર લખી અનુરોધ કર્યો છે.

હાલ ગુજરાત રાજયમાં અમુક જિલ્લાઓમાં આ મહામારી ફેલાઈ રહી છે. જેને રોકવા મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા આર્થિક સહાય માટે અપીલ કરવામાં આવી જેના ભાગ રૂપે સાબરવાસીઓએ ૫૩ લાખથી વધુનુ દાન મુખ્યમંત્રી રાહત ફંડ તેમજ વડાપ્રધાન રાહત નિધિમાં ૧૯ લાખથી વધુનુ દાન કરવામાં આવ્યું હતું. જ્યારે સાબરકાંઠાના નાગરીકો યથાશક્તિ દાન કરી રહ્યા હોય ત્યારે તેમના ચૂંટેલા જનપ્રતિનિધિ કેમ બાકી રહી જાય?.... ઈડર ધારાસભ્યશ્રી હિતુભાઈ કનોડિયાએ ધારાસભ્યની ગ્રાન્ટમાંથી આરોગ્ય અને પરિવાર કલ્યાણ હેઠળની સ્ટેટ હેલ્થ સોસાયટીને ૨૫ લાખ આપવા વહિવટીતંત્રને પત્ર લખી જણાવ્યું હતું. ધારાસભ્યશ્રી દ્વારા મહામારીમાંથી બચવા અને લોકજાગૃતિ ફેલાવા પોતાની આગવી શૈલીમાં વિડિયો બનાવી જનતા માટે મુક્યો હતો. કોરોના સંક્રમણને રોકવા હાલ સામાજિક અંતર અને ૨૧ દિવસ માટેનુ લોકડાઉન છે ત્યારે ધારાસભ્યશ્રી હિતુભાઈ દ્વારા લોકોને ઘરમાં જ રહેવા અને સુરક્ષિત રહેવા અનુરોધ કરવામાં આવી રહ્યો છે.

અહેવાલ - ઈન્દ્ર પટેલ (સાબરકાંઠા)



પ્રધાન મંત્રી નરેન્દ્ર ભાઈ મોદી એ કોરોના વાયરસ ની પ્રવર્તમાન સ્થિતિ અંગે અને તે સામે ની સજજતા અંગે રાજ્યોના મુખ્ય મંત્રીઓ સાથે વીડિયો કોન્ફરન્સ કરી જાયજો મેળવ્યો હતો અને માર્ગદર્શન આપ્યું હતું.. મુખ્યમંત્રી વિજય ભાઈ રૂપાણી નાયબ મુખ્ય મંત્રી નીતિન ભાઈ પટેલ ગૃહ રાજ્ય મંત્રી પ્રદીપસિંહ જાડેજા ગાંધીનગર મુખ્ય મંત્રી નિવાસસ્થાને થી આ કોન્ફરન્સ માં જોડાયા હતા. મુખ્ય સચિવ અનિલ મુકિમ મુખ્ય મંત્રીના મુખ્ય અગ્ર સચિવ કે કૈલાસ નાથન પોલીસ મહાનિદેશક શિવાનંદ ઝા તેમજ ગૃહના અધિક મુખ્ય સચિવ સંગીતા સિંહ અને અન્ય વરિષ્ઠ સચિવો પણ આ વિડીઓ કોન્ફરન્સ માં જોડાયા હતા.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.